

P.07

ક્રિતી સેનનનું રાંઝણ ગીત ધૂન ચોરીને બનાવાયું હોવાનો આક્ષેપ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

'પતિ, પત્ની ઔર વોહ ટુ'નાં પ્રયાગરાજમાં ચાલી રહેલાં શૂટિંગ વખતે મારામારી



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 29 • Dt.31-08-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રશિયાના ભયાનક હુમલામાં કીવ ધણધણ્યું, ૨૨ લોકોના મોત । ઝેલેન્સ્કીએ પુતિન પર સાધ્યું નિશાન 07



31 AUGUST- 2025 SUNDAY



07 જાપાન ૧૦ વર્ષમાં ભારતમાં ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે

રાજ્ય દેશમાં ૭મા સ્થાને 'ઝડપ ની મજા, મોતની સજા'

## ગુજરાતમાં વાહન અકસ્માતમાંથી થયેલા મૃત્યુમાં ૨,૦૫૯ વાહનચાલકોએ હેલમેટ જ પહેર્યુ નહોતુ

# ઓવરસ્પીડને કારણે ગુજરાતમાં ૧ વર્ષમાં ૭૨૭૮ લોકોના મોત

### ગુજરાતમાં એક વર્ષમાં જે અકસ્માત થયેલા છે તેમાંથી ૧૧,૯૦૨ પાસે પાકું લાયસન્સ, ૧,૧૯૦ પાસે ડ્રાઈવિંગ લાયસન્સ હતું જ્યારે ૧,૨૫૧ લાયસન્સ વગર જ વાહન ચલાવી રહ્યા હતા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

'ઝડપની મજા, મોતની સજા' વાક્ય દરેકે વાંચ્યું હશે પણ તેને વાસ્તવિક જીવનમાં અનેક લોકો ઉતારતા નથી. ગુજરાતમાં એક વર્ષમાં કુલ ૧૬,૩૪૯ રોડ એક્સિડન્ટ થયા છે અને તેમાંથી ૭,૮૫૪ વ્યક્તિના મૃત્યુ થયા છે. રોડ એક્સિડન્ટના ૯૦ ટકા કેસ માટે વાહનની વધુ પડતી ઝડપ જવાબદાર છે. ઓવરસ્પીડને કારણે ૧૪,૭૧૮ એક્સિડન્ટ થયેલા છે અને તેમાં ૭,૨૭૮ ના મૃત્યુ થયા છે. એટલું જ નહીં, ઓવરસ્પીડને કારણે જે રાજ્યમાં સૌથી વધુ લોકો જીવ ગુમાવતા હોય તેમાં ગુજરાત સાતમા સ્થાને છે.મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે દ્વારા વર્ષ ૨૦૨૩નો અહેવાલ આખરે હવે રજૂ કરવામાં આવ્યો છે. જેના અનુસાર ૨૦૨૨ કરતાં ૨૦૨૩માં માર્ગ અકસ્માત અને તેના કારણે જીવ ગુમાવનારાના પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે. ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન ગુજરાતમાં માર્ગ અકસ્માતના ૭૮,૩૩૦ કેસ નોંધાયા છે અને તેમાં મૃત્યુ ૩૬,૪૮૪ના થયા છે. વર્ષ ૨૦૨૩ની સ્થિતિ પ્રમાણે ગુજરાતમાં દરરોજ સરેરાશ ૨૨ વ્યક્તિ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે. ગુજરાતમાં જીવલેણ માર્ગ અકસ્માતમાંથી ૨,૧૧૯ શહેરી અને ૫,૧૦૬ ગ્રામ્ય વિસ્તારમાં થયેલા છે.ગુજરાતમાં એક વર્ષમાં જે અકસ્માત થયેલા છે તેમાંથી ૧૧,૯૦૨ પાસે પાકું લાયસન્સ, ૧,૧૯૦ પાસે ડ્રાઈવિંગ લાયસન્સ હતું જ્યારે ૧,૨૫૧ લાયસન્સ વગર જ વાહન ચલાવી રહ્યા હતા.




વાહન અકસ્માતમાંથી થયેલા મૃત્યુમાં ૨,૦૫૯ વાહનચાલકોએ હેલમેટ જ પહેર્યું નહોતું. મોબાઈલનો ઉપયોગ કરતાં વાહન ચલાવાને કારણે પણ વાહન અકસ્માતના કેસમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૩માં મોબાઈલનો ઉપયોગ કરતાં વાહન ચલાવવાથી ૧૫૦ અકસ્માત નોંધાયા હતા અને તેમાં ૩૩ના મોત થયા છે. ગયા વર્ષે ૫૭૫ રોડ એક્સિડન્ટ ધુમ્મસવાળા વાતાવરણને કારણે થયા હતા અને તેમાં ૩૦૯ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો.આ અહેવાલ પ્રમાણે આશ્ચર્યજનક રીતે ખાડાને કારણે ગુજરાતમાંથી એકપણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો નથી.

ગ્રામ્ય પંથકમાં પણ સારો વરસાદ પડ્યો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

## હિંમતનગરમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર, ૧૩ જેટલી કાર તણાઇ । પોશ વિસ્તારોમાં ઘૂસ્યા પાણી

। પ્રતિનિધિ, સાબરકાંઠા, તા.૩૦ ।

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે અને મોડી રાત બાદ હિંમતનગર શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. અનરાધાર વરસાદને કારણે હિંમતનગર શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા છે, જ્યારે પોશ વિસ્તારોમાં પણ ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે.મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે શરૂ થયેલો વરસાદ સવાર સુધી વરસતા રહ્યો હતો, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ખાસ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અહીંના પોશ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, અને કેટલાક ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી છે. વરસાદના પાણીમાં અંદાજે ૧૩ જેટલી મોંઘી કાર પણ ડૂબી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.વરસાદને કારણે હિંમતનગરનું બળવંતપુરા રેલવે અંડરપાસ પણ સંપૂર્ણપણે પાણીથી ભરાઈ ગયો છે.

૧૭ ફૂટ ઊંડો આ અંડરપાસ પાણીથી છલોછલ ભરાઈ જતા તે 'સ્વિમિંગ પૂલ' જેવો દેખાઈ રહ્યો છે. અંડરપાસમાં પાણી ભરાતા વાહનવ્યવહાર થંભી ગયો છે, જેના કારણે લોકોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવો પડી રહ્યો છે.ગ્રામ્ય પંથકમાં પણ સારો વરસાદ પડ્યો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. જોકે, શહેરમાં અનરાધાર વરસાદથી ઉભી થયેલી સ્થિતિને સામાન્ય બનાવવા માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે.


વીજળીના બિલને કરો (0)

Since 2013

Navkalp SOLAR

it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર






ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ કલાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## સરકારી કર્મચારીની કરતૂત!

# પોતાની બદલી કરાવવા ૩૦ હજાર નાગરિકોને ૩ દિવસ તરસ્યા રાખ્યા

### વડોદરા મહાનગરપાલિકાના એન્જિનિયર યોગેશ વસાવાએ બદલી થતા પાણીનો વાલ બંધ કરાવી તરકટ રચ્યુ હતું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરાના પાલિકાના ઈજનેરે બદલી થાય તે માટે મોટું ષડયંત્ર રચ્યું હતું. આ માટે તેણે નવાયાર્ડ વિસ્તારમાં વાલ બંધ કરી ૩૦ હજાર લોકોને ૩ દિવસ સુધી પાણી ના આપ્યું. પાલિકા એન્જિનિયરે પોતાની બદલી કરાવવા માટે કરેલા ષડયંત્રનો પર્દાફાશ થયો છે. વડોદરા મહાનગરપાલિકાના એન્જિનિયર યોગેશ વસાવાએ બદલી થતા પાણીનો વાલ બંધ કરાવી તરકટ રચ્યુ હતું. નવાયાર્ડમા વાલ બંધ કરી ૩૦ હજાર લોકોને ૩ દિવસ સુધી પાણી ના આપ્યું. ફરીથી વોર્ડ ૧ માં બદલી થાય તે માટે કોન્ટ્રાક્ટના માણસો સાથે મળી પાણીનો વાલ બંધ કરી દીધો હતો. વોર્ડ ૧ માં પાણીનો કકળાટ ઉભો થાય તો તેને ફરી રોડ પ્રોજેક્ટમાંથી વોર્ડ ૧ માં બદલી કરી દેવામાં આવે તેવો પ્લાન ઈજનેરે ઘડ્યો હતો. આ માટે ઈજનેરે કેટલાક લોકો સાથે મળીને આખો પ્લાન રચ્યો હતો. પાણી પુરવઠાના મજૂર અને જેસીબી ડ્રાઈવરની મદદ લઈ વાલ બંધ કરી દીધો હતો. સીસીટીવી ફૂટેજ ચકાસતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પાલિકાના અધિકારીઓએ મજૂર સંજય માળીની પૂછપરછ કરતા ભાંડો ફૂટ્યો હતો. બંને સામે પોલીસ ફરિયાદ અને ખાતાકીય તપાસ શરૂ કરાઈ છે. સમગ્ર મામલે વોર્ડ ૧ ના કોર્પોરેટર જહાં ભરવાડનું નિવેદન



સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, પોતાની બદલી રોકાવા આ કૃત્ય કરીને ઈજનેરે ૩૦ હજાર નાગરિકોને બાનમાં લીધા હતા. ત્રણ દિવસ સુધી નાગરિકોને પાણી ના મળ્યું. સીસીટીવીના કારણે આખો મામલો બહાર આવ્યો હતો. ડેપ્યુટી એન્જિનિયર યોગેશ વસાવાને કડક સજા થાય તેવી અમારી માંગ છે. આવા અધિકારી સામે પોલીસ ફરિયાદ થવી જોઈએ. અધિકારીને વડોદરામાંથી તડીપાર કરવો જોઈએ.પાણી પુરવઠા વિભાગ એન્જિનયરનો પાણી વાલ્વ બંધ કરાવી ષડયંત્ર રચવાનો મામલે પાણી પુરવઠાના વડા ધાર્મિક દવેએ કહ્યું કે, પાણી વાલ્વ બંધ હોવાનું ધ્યાને આવતા સીસીટીવી તપાસવામાં આવ્યા હતા. સીસીટીવી તપાસ કરતા વાલ્વ ઓપરેટર અને જેસીબીનો ડ્રાઈવર નજરે પડ્યા હતા. વાલ્વ ઓપરેટર સંજય માળીની પૂછપરછ કરાતાં સમગ્ર મામલો બહાર આવ્યો છે. એન્જિનિયર યોગેશ વસાવાએ વાલ્વ ઓપરેટર અને જેસીબી ડ્રાઈવર કહી વાલ્વ બંધ કરાવ્યો હોવાનું તેણે જણાવ્યું.

## જામનગરના યુવાનને ચેક પરત ફરવાના કેસમાં એક વર્ષની સજાનો હુકમ

। પ્રતિનિધિ, જામનગર,તા.૩૦ ।

જામનગરમાં શિવ એન્ટરપ્રાઈઝના નામથી ધંધો કરતા નરેન્દ્રકુમાર નાથાલાલ ગંઢા પાસેથી વેપારી નીખીલ મુકેશભારથી ગોસ્વામી દ્વારા રૂા.૧,૨૦,૦૦૦ ની લોન મેળવી હતી. જે લોનનો રકમનો પરત ચુકવણી માટે ચેક આપવામા આવ્યો હતો. જે ચેક બેંકમાંથી પરત ફરતા જામનગરની અદાલતમાં કેસ દાખલ કરવમાં આવ્યો હતો. જે કેશ જામનગર એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ એમ.ચાર.લાલવાણીની અદાલતમાં ચાલી જતા અદાલત દ્વારા આરોપી એવા વેપારી નિખિલ મુકેશભારથી ગોસ્વામીને એક વરસની સાદી કેદની સજા તથા રૂા.૧,૨૦,૦૦૦ દંડનો હુકમ કર્યો હતો.

## બારડોલીમાં એસટી બસ પલટી, બારીના કાચ તોડી મુસાફરો બહાર નીકળ્યા

। પ્રતિનિધિ, સુરત, તા.૩૦ ।

સુરતના બારડોલીમાં મુસાફરોથી ભરેલી એસટી બસ પલટી મારી ગઈ હતી. બસની અંદર બેઠેલા મુસાફરો કાચ તોડીને બહાર નીકળ્યા હતા. રોડની સાઈડ પર જઈને બસે પલટી મારી હતી અને બસના આગળના ભાગને પણ નુકસાન થયું છે. આ ઘટનાની જાણ થતા લોકોના ટોળા ઉમટ્યા હતા અને મુસાફરોને બસની બહાર કાઢ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે.મળતી માહિતી અનુસાર, બારડોલીના નાડીદા ગામ નજીક મુસાફરોથી ભરેલી જી્ બસ પલટી મારી ગઈ હતી. મુસાફરોનો આક્ષેપ છે કે, બસના ડ્રાઈવરે નશો કર્યો હતો અને નશો કરીને બસ ચલાવી રહ્યો હતો. અકસ્માત સર્જીને ડ્રાઈવર બસ મૂકીને ફરાર થઈ ગયો હતો. તો ઘટનાની જાણ થતા લોકોના ટોળા ઉમટયા હતા અને સ્થાનિકોએ મુસાફરોને બસની બહાર કાઢ્યા હતા. સુરતના બારડોલીમાં મુસાફરોથી ભરેલી એસટી બસ પલટી મારી ગઈ હતી.

## તરણેતરના મેળામાં બે જૂથો વચ્ચે ભીષણ અથડામણ અને મારામારીનો વીડિયો વાયરલ

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩૦ ।

આ વખતે ઉત્સાહ અને ઉત્તેજના સાથે, ગુજરાતના પ્રખ્યાત લોકમેળાઓમાંના એક તરણેતરના મેળામાં પણ હિંસાના દ્રશ્યો જોવા મળ્યા. મેળામાં બે જૂથો વચ્ચે ભીષણ અથડામણ અને મારામારીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે,જે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, તરણેતરના મેળામાં હજારોની ભીડ વચ્ચે, પહેલા કોઈ સામાન્ય બાબતને લઈને બે જૂથો વચ્ચે ઝઘડો થયો. આ ઝઘડો ટૂંક સમયમાં જ ઉગ્ર લડાઈમાં ફેરવાઈ ગયો અને બંને જૂથો વચ્ચે ઝઘડો થયો. વીડિયોમાં, ૮ થી ૧૦ યુવાનો ખુલ્લા હાથે એકબીજા પર હુમલો કરતા જોવા મળે છે.

આ ઘટનાથી ગીચ મેળામાં હાજર લોકોમાં ગભરાટ ફેલાયો. જોકે, આ ઘટના લાંબો સમય ટકી ન હતી. મેળામાં હાજર અન્ય લોકોએ તાત્કાલિક દરમિયાનગીરી કરી અને બંને જૂથોને અલગ કર્યા અને સમાધાન કરાવ્યું. સ્થાનિક લોકોની સમજદારી અને સમયસર કાર્યવાહીને કારણે, ઘટના વધુ ગંભીર બનતી બચી ગઈ. જોકે, આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેના કારણે તરણેતરનો મેળો ફરી ચર્ચામાં આવ્યો છે. તરણેતરના મેળામાં હજારોની ભીડ વચ્ચે, પહેલા કોઈ સામાન્ય બાબતને લઈને બે જૂથો વચ્ચે ઝઘડો થયો.

## વહેલી સવારથી જ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે

# બધુ પલળી ગયું । બાળકો પણ ભૂખ્યા ગોધરાના હાલોલમાં ૧૦ ઈંચ વરસાદમાં ઘરોમાં પાણી ઘૂસ્યા

। પ્રતિનિધિ, ગોધરા,તા.૩૦ ।

વહેલી સવારથી જ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ પંચમહાલના હાલોલ તાલુકામાં ખાબક્યો છે. સવારે ૬થી બપોરના ૨ વાગ્યા સુધી હાલોલમાં ૯.૭૬ ઈંચ વરસાદ પડ્યો છે. જેના લીધે ચારે તરફ વરસાદી પાણી જોવા મળ્યા રહ્યા છે. ભારે વરસાદને લીધે હાલોલના લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. કેમ કે, ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં ઘરવખતી અને ચીજવસ્તુઓ પાણીમાં પલળી ગઈ છે.

હાલોલ-ગોધરા રોડ ઉપર આવેલી બાપુનગર સહિતની સોસાયટીમાં વરસાદી પાણી ભરાયા



છે. હાલોલમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસ્યા છે. ઘરોમાં પાણી ભરાતા ઘરવખરીને નુકસાન પહોંચ્યું છે. ત્યારે બાપુનગર સોસાયટીમાં રહેતી એક મહિલાએ જણાવ્યું કે, સવારથી જ પાણી ભરાયા છે. પાણીનો કોઈ નિકાલ થતો નથી. પાણીમાં અનાજ અને ચીજવસ્તુઓ પલળી ગઈ છે. હજુ સુધી જમવાનું પણ બનાવી શક્યા નથી. છોકરાઓ પણ ભૂખ્યા છે. પાણી નીકળે તો જમવાનું બનાવી શકાય.

સોસાયટીમાં રહેતા એક યુવકે જણાવ્યું કે, દર વખતે વરસાદમાં પ ાણી ભરાય છે. ગરીબ લોકો પોતાના ઘર છોડી ઊંચા ઘરોમાં જવા મજબૂર બને છે. જ્યારે પાણીમાં ઘરવખરી પલળી જતાં મોટું નુકસાન થાય છે.

હાલોલના ગોધરા રોડ ઉપર આવેલી બાપુનગર સહિતની રહેણાંક સોસાયટીમાં વરસાદી પાણી ઘૂસી જતાં રહીશોની હાલત કફોડી બની છે. યોગ્ય નિકાલના અભાવે રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી ગયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. શ્રમિક પ રિવારના મકાનોમાં પાણી ભરાઈ જતાં અનાજ અને ઘર વખરી પલળી ગઈ છે. વહેલી સવારથી જ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ પંચમહાલના હાલોલ તાલુકામાં ખાબક્યો છે. સવારે ૬થી બપોરના ૨ વાગ્યા સુધી હાલોલમાં ૯.૭૬ ઈંચ વરસાદ પડ્યો છે.

## વડોદરા ગ્રામ્ય એલસીબીની મોટી કાર્યવાહી,૩ તસ્કરોની ધરપકડ, કારમાંથી વિદેશી દારૂ મળી આવ્યો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરા ગ્રામ્ય પોલીસની સ્થાનિક ગુના શાખાએ ગુપ્ત માહિતીના આધારે મોટી કાર્યવાહી કરી છે અને વિદેશી દારૂની હેરાફેરી કરતા ત્રણ તસ્કરોની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં ૧૦૮ બોટલ વિદેશી દારૂ સહિત ૫.૯૧ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઘટના વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહીનું ઉદાહરણ બની છે.વડોદરા ગ્રામ્ય એલસીબીને ગુપ્ત માહિતી મળી હતી કે પાલેજથી વડોદરા તરફ આવતી કારમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ માહિતીના આધારે,એલસીબી ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને શંકાસ્પદ કારને રોકી અને તેની તપાસ કરી. તપાસ દરમિયાન, કારમાંથી ૧૦૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત આશરે ૫.૯૧ લાખ રૂપિયા હોવાનો અંદાજ છે.આ કાર્યવાહીમાં, પોલીસે ત્રણ તસ્કરો યોગેશ નવીનભાઈ પ્રજાપતિ (વડોદરા), મનીષ પરમાર (પાદરા) અને અજય સોલંકી (પાદરા) ની ધરપકડ કરી છે. પોલીસે આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે અને કરજણ પોલીસ સ્ટેશનમાં ગુજરાત દારૂબંધી કાયદા હેઠળ કેસ નોંધ્યો છે.

## ભરૂચના કદવાલી ગામના પુલ પાસેથી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે એક ઝડપાયો

। પ્રતિનિધિ, વાલીયા, તા.૩૦ ।

વાલીયા પોલીસ ટીમે કદવાલી ગામના પુલ ઉપ રથી કારમાં દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પ ાડી રૂ. ૧૨.૫૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા. વાલીયા પ ોલીસ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, ‘‘એક સફેદ કલરની કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી વાડી ગામથી કદવાલી થઈને ડહેલી ગામ તરફ જનાર છે’’ જે આધારે પોલીસ સ્ટાફ કદવાલી ગામના બ્રીજ ઉપર વોચ ગોઠવી બાથમી મુજબની કારને ઝડપી પાડી હતી. કારમાંથી દારૂની નાની મોટી બોટલ તથા બીયર ટીન નંગ- ૧૮૦૦ કિ.રૂ.૫,૪૯,૬૦૦, કિયા કાર કિ.રૂ.૭,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન સહિત કુલ કિ.રૂ.૧૨,૫૪,૬૦૦ના મુદામાલ સાથે કિરીટભાઈ વસાવા (રહે.પથ્થરીયાગામ, સરપંચ ફળિયુ તા.વાલીયા)ની અટકાયત કરી રાહુલભાઈ ઓકારામ માલી (રહે-કંબોડીયા તા.નેત્રંગ જી.ભરૂચ) અને હરેશભાઈ ઉર્ફે હરીયો વસાવા (રહે-ડેહલી નગરશેઠ ફળિયુ તા.વાલીયા જી.ભરૂચ) ને વોન્ટેડ જાહેર કર્યા હતા. તમામ આરોપીઓ વિરુદ્ધ અગાઉ પ્રોહીબિશનના ગુના નોંધાઈ ચૂક્યા છે વાલીયા પોલીસ ટીમે કદવાલી ગામના પુલ ઉપરથી કારમાં દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી રૂ. ૧૨.૫૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.



ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં મતદાર યાદીમા છેડછાડના મોટા આક્ષેપો કરાયા

# ગુજરાત રાજ્યના વોટ ચોરીનો કોંગ્રેસનો આક્ષેપ પાટીલના ગઢમાં ખોટા મતદારોનો આંકડો રજૂ કર્યો

## અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સમાં આંકડા દર્શાવતા જણાવ્યું કે, લોકશાહીના પાયાને ખોખલો કરવા વોટ ચોરીનું ષડયંત્ર કરવામાં આવ્યું

। પ્રતિનિધિ, નવસારી, તા.૩૦ ।






ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં મતદાર યાદીમા છેડછાડના મોટા આક્ષેપો કરાયા છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ગુજરાતમાં વોટ ચોરીના કૌભાંડને ખુલ્લુ પાડીને ભાજપ પર મોટા આક્ષેપો કર્યા છે. અમિત ચાવડાએ ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના જ લોકસભા મતવિસ્તારમાં ૩૦,૦૦૦ ખોટા મતદારનો આક્ષેપ કર્યો છે.

અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સમાં આંકડા દર્શાવતા જણાવ્યું કે, લોકશાહીના પાયાને ખોખલો કરવા વોટ ચોરીનું ષડયંત્ર કરવામાં આવ્યું છે. ગુજરાતની મતદાર યાદીમાં અનેક ગોટાળા મળ્યા છે. એક વ્યક્તિના નામે અનેક મતદાર મળ્યા છે. અનેક ભુતિયા મતદાર મળ્યા છે. ગુજરાતની મતદાર યાદીની તપાસ માટે એક લોકસભા અને એક વિધાનસભાથી શરુઆત કરી. ગુજરાતમાં એક વ્યક્તિ અનેકવાર મતદાન કરે છે. વોટચોરી ખુલ્લી પાડવાનો કોંગ્રેસનો પ્રયાસ છે.

તેમણે નવસારી લોકસભા વિસ્તારના આંકડા જણવતા કહ્યું કે, નવસારી લોકસભામાં સમાવિષ્ટ ૧૬૮ ચોર્યાસી વિધાનસભાની મતદાર યાદીની ચકાસણી કરાઈ હતી. જેમાં ૬૦૯૫૯૩ કુલ મતદાર છે. ૪૦ ટકા મતદાર ચકાસણી કરી. અમે ૨ લાખ ૪૦ હજાર મતદાર ચકાસ્યા. જે પૈકી ૩૦ હજાર મતદાર ભુતિયા ગોટાળાવાળા અને ખોટા મતદાર મળ્યા. ભાજપના ગુજરાતના પ્રદેશ પ્રમુખનો લોકસભા મતવિસ્તાર નવસારી છે. જેઓ કેન્દ્રીય મંત્રી મંડળમાં છે. તેમના મત વિસ્તારમાં આ વોટ ચોરી પકડાઈ છે. અનો મતલબ છે કે આખા ગુજરાતમાં આ ચાલે છે. ૩૦ હજાર ખોટા મતદાર મળ્યા એટલે ૧૨.૩ ટકા ખોટા મતદાર ૪૦ ટકા ચકાસણીમાં મળ્યા. જો ૧૦૦ ટકા ચકાસણી કરીએ તો આ વિધાનસભામાં ૭૫ હજાર ખોટા મતદારો મળે. સી આર પાટીલની રેકોર્ડ બ્રેક જીત પાછળ આ વોટ ચોરી તો નથી ને?

તેમણે કહ્યું કે, સીઆર પાટીલની લોકસભા વિસ્તારની મતદાર યાદીમાં અનેક ભાષામાં મતદારોના નામ જોવા મળ્યા. વોટચોર બીજી ભાષામાં નાંધાયેલા મતદારો અંગે સારી રીતે ખુલાસો કરી શકે છે. ડીજીટલ રીતે ચોરી પકડાય નહીં તે પ્રકારે ષડયંત્ર રચવામાં આવ્યુ છે. ગુજરાતના કુલ ૫ કરોડ ૬ લાખ ૬૪ હજાર ૧૪૮ મતદાર છે. જેમાં ૬૨ લાખ ભુતિયા અને ખોટા મતદાર હોઈ શકે છે. જે સરકાર ૩૦ વર્ષથી રાજ કરતી હોય તેમના મોટા નેતાઓના વિસ્તારમાં આવી ગેરરીતિ થતી હોય અને સરકારે સુધાર્યા હોય તો સ્પષ્ટ છે કે ચોકીદાર ચોર છે. અમારી ગુજરાતના નાગરીકોને વિનંતી કે સાથે મળી લોકશાહી બચાવીએ. જેણે મતદાન અને સમાનતાનો અધિકારી આપ્યો છે, તેના બદલે એક ષડયંત્ર મારફતે એક વ્યક્તિ અનેક મત ને ખુલ્લુ પાડવાની જવાબદારી આપણી છે.

તેમણે કહ્યું કે, વોટચોરીને ખુલ્લી પાડવા સાથે મળીને લડવું પડશે. ૨૦૨૭ સુધી એક એક ઘરે જઈ વોટચોરીને ખુલ્લા પાડીશું.

3 પેજમાં અક્ષર અલગ અને ચોથા પેજમાં પણ અક્ષર અલગ જણાયા

# રીબડાના પાટીદાર યુવક અમિત ખૂંટના એફએસએલ રિપોર્ટમાં ખુલાસો, સ્યૂસાઈડ નોટમાં અલગ અલગ અક્ષરો!

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૩૦ ।

રીબડાના પાટીદાર યુવત અમિત ખૂંટ આત્મહત્યાનો કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. સ્યૂસાઈડ નોટના ચોથા પેજના અક્ષરો મેચ ન થયા. ૩ પેજમાં અક્ષર અલગ અને ચોથા પેજમાં પણ અક્ષર અલગ જણાયા. એફએસએલ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. પેઈજમાં લખાણ લખ્યું હતું કે, 'હું અનુભાના દબાણથી ગળેફાંસો ખાઉં છું. રિદ્ધિ પટેલ અને રાજદીપના ત્રાસથી મરુ છું.' તો ચોથા પેજમાં અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા સહિતના નામો લખેલા હતા. આ અંગે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, એફએસએલ રિપોર્ટ મળ્યો છે, પરંતુ હાલ તપાસ ચાલુ હોવાથી વધુ વિગતો જાહેર કરી શકાય તેમ નથી''રાજ્ય સરકારે અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં સ્પેશ્યલ પીપીની નિમણૂંક કરી છે. એડવોકેટ ચેતન શાહની અમિત ખૂંટ કેસમાં સરકારી વકીલ તરીકે નિમણૂંક કરી છે. ધારાસભ્ય ગીતાબા જાડેજાએ અમિત ખૂંટ પરિવારને સ્પેશિયલ પીપી ફાળવવા રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. ગોંડલ કોર્ટમાં અમિત ખૂંટ આત્મહત્યા કેસ ચાલી રહ્યો છે, જેમાં અનિરુદ્ધ સિંહ જાડેજા અને રાજદીપ સિંહ જાડેજા મુખ્ય આરોપી છે. ત્યારે હવે અનિરુદ્ધ સિંહ અને રાજદીપ સિંહની મુશ્કેલીઓ વધી શકે છે. ગત ૫મી મે ૨૦૨૫ના રોજ રીબડા ગામના યુવક અમિત ખૂંટ દ્વારા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેવામાં આવ્યો હતો.

## ફિનલેન્ડના વિઝાના બહાને વકીલ સહિત ચાર વ્યક્તિઓ સાથે રૂ.૪.૧૮ લાખની ઠગાઈ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૩૦ ।

ફિનલેન્ડના વિઝા અપાવવાના બહાને વકીલ સહિત ચાર વ્યક્તિઓ પાસેથી ટુકડે ટુકડે ૪.૧૮ લાખ ઉપરાંતની ઠગાઈ મામલે ફરિયાદના આધારે પાલેજ પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાલેજ રહેતા સલીમખાન પઠાણ વકીલાત વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, પાલેજ ગામના મારા સાઢુભાઈ ઈમરાનખાન પઠાણ, પરિચિત આદિલ ભૈયા અને લુકમાન નાથાને વિદેશ ફિનલેન્ડ જવાનું હોય મારા મિત્ર યાકુબ અલીભાઈ જમીદાર (રહે-સાંસરોદ ગામ, કરજણ) નો સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ મુંબઈના પાયોનીર એન્ટરપ્રાઈઝના સંચાલક અરમાન કુરેશી સાથે આ અંગે વાતચીત થઈ હતી. ત્યારબાદ વિદેશ જવા માંગતા ત્રણ વ્યક્તિને મુંબઈ બોલાવી મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો. અને યાકુબ મારફતે ફિનલેન્ડ દેશની વર્ક પરમિટ મોકલી હતી. એપોઈન્ટમેન્ટ લેટરની તારીખ દર વખતે બદલાતા મને શંકા ગઈ હતી. જેથી મુંબઈ ફીનલેન્ડ એમ્બેસીમાં તપાસ કરતા અમારી સાથે ચીટીંગ થયાનું બહાર આવ્યું હતું.

## ઇન્ટરનેશનલ સાયબર ક્રાઇમનો પર્દાફાશ: અમદાવાદ એક આરોપીની ધરપકડ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચને ઈન્ટરનેશનલ સાયબર ક્રાઈમના ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. દુબઈથી અમદાવાદ આવેલા એક શખ્સને જીએ ઝડપી લીધો છે. આ આરોપી આઠ દિવસ પહેલા દુબઈથી ભારત આવી અમદાવાદ એરપોર્ટ સર્કલ પાસે આવેલી હોટલમાં રહ્યો હતો. જેને ઝડપી લઈ તપાસ કરતા કચ્છ ગાંધીધામ આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં ૧૯ બેંકોમાંથી સાડા ૧૩ કરોડના ટ્રાન્ઝેક્શન મળ્યા છે.ગુજરાતના કચ્છ પૂર્વ ગાંધીધામ, આદીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા સાયબર ક્રાઈમના અલગ અલગ ગુનાઓનો પર્દાફાશ એસઓજી ક્રાઈમ બ્રાન્ચે કર્યો છે. આ અંગેની વિગત આપતા એસઓજી ક્રાઈમ બ્રાન્ચના છઝ્રઁ બી. સી. સોલંકીએ જણાવ્યું કે આઠ દિવસ પહેલા દુબઈથી ભારતમાં આવેલા અને નાસતા ફરતા આરોપી દિલીપ ઉર્ફે મોનું સંગતાણીની ધરપકડ કરી છે જે કચ્છ ગાંધીધામનો રહેવાસી છે અને અમદાવાદ એરપોર્ટ સર્કલ પાસે આવેલી મહેર ઈન હોટલમાંથી તેને ઝડપી લેવામાં આવ્યો છે અને આગળની તપાસની કાર્યવાહી માટે આરોપીને કચ્છ પૂર્વ ગાંધીધામ સાયબર ક્રાઈમને સોંપવામાં આવ્યો છે.પકડાયેલા આરોપી દિલીપ ઉર્ફે મોનું સંગતાણીની પૂછપરછ કરતા આરોપીની સાયબર ક્રાઈમની જે મોડસ ઓપરેન્ડી સામે આવી છે તે પ્રમાણે આરોપી અગાઉ પોલીસમાં પકડાયેલા તેના ભાઈ નરેશ સંગતાણી તેમજ અન્ય લોકો સાથે મળી જરૂરિયાતમંદ લોકોને બેંક એકાઉન્ટમાં ખાતા ખોલાવવાની લાલચ આપતો હતો. અલગ અલગ એકાઉન્ટ ધારકોને લોભ લાલચ આપી બેંક એકાઉન્ટ ખોલાવી એકાઉન્ટ ધારકો પાસેથી નવા ખોલાયેલા બેંક એકાઉન્ટની કીટ મેળવી લેતો હતો અને મુંબઈથી મેળવેલા સીમકાર્ડ નંબરો આ બેક એકાઉન્ટમાં રજીસ્ટર્ડ કરાવતો હતો.






## તંત્રી લેખ..

# સંસદમાં સતત હંગામો

જેવી આશંકા હતી એવું જ થયું. સંસદના બજેટ સત્રનું બીજું ચરણ પણ કોઈ વિશેષ કામકાજ વગર જ ખતમ કરી દેવામાં આવ્યું. જોકે સંસદમાં સતત હંગામો થતાં જોઈને આ સત્રને નક્કી સમય પહેલાં જ ખતમ કરી દેવાયું હોત તો સારું. તેનાથી બીજું કશું નહીં તો સરકારી ખજાનાનાં થોડાં નાણાં બચી ગયાં હોત. સંસદ નહિ ચાલવા દેવા માટે સત્તાપક્ષ અને વિપક્ષ એકબીજાને કઠેરામાં ઊભા કરવાનું જે કામ કરી રહ્યા છે, તેનું ઔચિત્ય એટલે નથી, કારણ કે ક્યાંકને ક્યાંક બંને પક્ષો તેના માટે જવાબદાર છે. જ્યાં વિપક્ષ અદાણી મામલાની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે કરાવવાની પોતાની માંગને લઈને હંગામો કરતો રહ્યો, ત્યાં જ સત્તાપક્ષ એ માંગને લઈને અડગ રહ્યો કે રાહુલ ગાંધી પોતાના એ નિવેદન માટે માફી માંગે, જે તેમણે લંડનમાં આપ્યું હતું. પક્ષ-વિપક્ષની આ માંગોનું કોઈ વિશેષ મહત્ત્વ ન હતું. અદાણી મામલે જેપીસી તપાસનું ઔચિત્ય એટલા માટે ખતમ થઈ ગયું હતું, કારણ કે સુપ્રીમ કોર્ટે એક છ સદસ્યોની સમિતિની રચના કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે આ સમિતિની રચનામાં સરકારની કોઈ ભાગીદારી પણ નથી. સુપ્રીમ કોર્ટે સમિતિના સદસ્યોની પસંદગી જાતે જ કરી હતી. તેમ છતાં પણ વિપક્ષ સંતુષ્ટ ન થયો, કારણ કે તેણે સંતુષ્ટ થવું જ ન હતું અને સંસદમાં હંગામો કરવા માટે એક બહાનું જોઈતું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે આ વખતે સત્તાપક્ષે પણ સંસદમાં હંગામો કર્યો અને તેના માટે એ જિદ પકડી કે રાહુલ ગાંધીએ લંડનમાં આપવામાં આવેલા પોતાના નિવેદનો માટે માફી માંગવી પડશે. એ સાચું કે રાહુલ ગાંધીએ લંડનમાં એવી ઘણી વાતો કરી, જે તેમણને નહોતી કરવી જોઈતી, પરંતુ જો તેઓ તેને પોતાની ભૂલ માનવા તૈયાર નથી તો સત્તાપક્ષ કે પછી અન્ય કોઈ શું કરી શકે? રાહુલનાં નિવેદનો પર સત્તાપક્ષનો વાંધો સાચો હતો પરંતુ તેણે પોતાની આ માંગને વધુ ચગાવવાની જરૂર ન હતી કે સંસદ ત્યારે જ ચાલશે, જ્યારે તેઓ માફી માંગશે. આવું બહુ ઓછું થાય છે, જ્યારે સત્તાપક્ષ જ સંસદમાં હંગામો કરે છે, પરંતુ આ વખતે એવું જોવા મળ્યું. એ માનવાનાં ઘણાં કારણો છે કે સંસદના બજેટ સત્રનું બીજું ચરણ એટલા માટે હંગામામાં વેડફાઈ ગયું, કારણ કે સત્તાપક્ષ અને વિપક્ષની નજરો આગામી વિધાનસભા ચૂંટણીઓની સાથે જ લોકસભા ચૂંટણીઓ પર પણ છે. નિઃસંદેહ રાજકીય પક્ષો ચૂંટણીઓને નજરઅંદાજ ન કરી શકે, પરંતુ તેનો શો મતલબ કે ચૂંટણીઓના ચક્કરમાં સંસદીય કાર્યવાહીની જ બલિ ચડાવવામાં આવે? શું ચૂંટણીઓ નજીક આવશે ત્યારે સંસદ નહીં ચાલવા દેવાય? ચૂંટણી માહોલ બનાવવા માટે સંસદ ન ચાલવા દેવી રાજકીય સ્વાર્થ માટે તેની મહત્તાને ઓછી આંકવા જેવું છે. જો રાજકીય પક્ષો એમ વિચારી રહ્યા હોય કે તેમના હંગામાથી જનતા પ્રભાવિત થઈ હશે તો એ સાચું નથી, કારણ કે જનતા તો પ્રભાવિત થાય છે સંસદમાં થનારી ગંભીર ચર્ચાથી.



### ખેડૂતો આવકને વધારવા ટેકનોલોજી અપનાવે તે પણ જરૂરી

**વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે ભારતને પણ પહેલ કરવાની જરૂર છે ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે**

# ઉચ્ચ મૂલ્યની ખેતી ઉપયોગી બની છે

**છેલ્લા ૫૦ વર્ષમાં જીડીપીમાં કૃષિનું યોગદાન ઘટી રહ્યુ છે : ખેડૂતોને યોગ્ય બજાર મળે તે દિશામાં મોદી સરકાર ઝડપી પહેલ કરે તે જરૂરી**

સરકારે હાલમાં સર્વેમાં ખેડૂતોની આવકના આંકડા ગણ્યા હતા તેમાંથી અડધાથી પણ વધારે ખેડૂત એવા હતા જેમની પાસે પોતાની જમીન ન હતી અથવા તો જો જમીન હતી તો નહિંવત પ્રમાણમાં હતી. મતલબ એ થયો કે તેઓ ખેતમજૂરોના વર્ગમાં આવે છે. તેમને ખેડૂતોની સાથે જોડવામાં આવી રહ્યા છે. અલબત્ત આ કડવી વાસ્તવિકતાથી ઈન્કાર કરી શકાય નહીં કે અમારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી રહી નથી. છેલ્લા ૫૦ વર્ષમાં કૃષિનું જીડીપીમાં યોગદાન એકંદરે ઘટી રહ્યું છે.

વર્ષ ૨૦૦૪-૨૦૧૩ સુધી અલબત્ત ખાદ્યાન્ન ફુગાવો ખૂબ ઉંચો હતો. પરંતુ તેના કેટલાક હકારાત્મક પાસાઓ પણ હતા. એક પાસુ એ પણ હતું કે ખેડૂતોની આવક એટલી ઓછી ન હતી જેટલી આનાથી અગાઉના વર્ષોમાં હતી. જો વર્ષ ૨૦૦૪-૨૦૧૪ સુધી એક દશકમાં ધ્યાન આપવામાં આવે તો કૃષિમાં ૩.૫ ટકાથી વધારે ગ્રોથ રેટ રહ્યો નથી. ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. ચીજવસ્તુઓની કિંમત વધી રહી છે. અલબત્ત ૨૦૦૯માં ચોક્કસપણે દુષ્કાળની સ્થિતિ રહી હતી. પરંતુ એકંદરે ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની સ્થિતિમાં સુધાર થયો હતો. પાકા આવાસ બનવા લાગી ગયા હતા. બાળકો પણ સ્કૂલ જવા લાગી ગયા છે છતાં ખાનગી સ્કૂલોમાં પણ ખેડૂતો બાળકોને મૂકવા ખચકાટ



અનુભવ કરી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે આજે પણ ઘણી બધી બાબતોમાં મુલ્યાંકન કરવાનો સમય છે. જાહેરરીતે ખેડૂતોની આવક એકંદરે હવે ઘટી છે આના માટે કૃષિ ક્ષેત્રમાં ગ્રોથને વધારવામાં આવે તો ખેડૂતોની હાલત સુધરી શકે છે. આના માટે રસ્તા શું થઈ શકે છે. સૌથી પહેલા તો ઉંચા મુલ્યો ધરાવતી ખેતીને પ્રાથમિકતા આપવી પડશે જેમ કે ચીનના દાખલાને લેવામાં આવે તો ત્યાં ઉત્પાદન પણ વધારે છે અને ખેડૂતોનો ભાર પણ ઉચ્ચ મુલ્યોવાળી ચીજવસ્તુ પર વધારે ગયો છે. ભારતમાં પણ આ દિશામાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. હજુ સુધી ભારતીય ખેડૂતો ઉંચા મુલ્ય ધરાવતી ચીજવસ્તુઓની દિશામાં વિચારી રહ્યા નથી. પરંપરાગત ખેતીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

ઉચ્ચ મૂલ્યોવાળા પાક પર ખેડૂતોને ધ્યાન આપવાની જરૂર છે પરંતુ આવા પાક માટે નજીકી બજાર રહે તે જરૂરી છે જે ભારતમાં હાલમાં નથી. અલબત્ત મહારાષ્ટ્ર, તમિળનાડુ જેવા કેટલાક રાજ્યોમાં આ દિશામાં કામ થયુ છે. ત્યાના ખેડૂતોને ફાયદો પણ થયો છે પરંતુ માત્ર એક એકરના ખેડૂત લાખોની આવક ઉભી કરી શકે તેમ નથી.

જેથી ટેકનોલોજી આધારિત ખેતી અને ઉચ્ચ મૂલ્યો ધરાવતા પાક તરફ ધ્યાન આપવામાં આવે તે સમયની માંગ છે. ખેડૂતો ઉચ્ચ મૂલ્યોવાળી ખેતી પર ભાર આપે તે નિષ્ણાંતોની પણ સલાહ છે. આ દિશામાં કામ કરવાની પણ જરૂર છે. સરકાર સતત સક્રિય થઈને આ પ્રકારની ખેતીને પ્રાથમિકતા આપે તો ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી શકે છે સાથે સાથે જંગી દેવાની સ્થિતિમાં આપઘાત કરવાની ફરજ ખેડૂતોને ન પડે તે દિશામાં પણ પહેલ જરૂરી છે. વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે. ભારતને પણ પહેલ કરવાની જરૂર છે. ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે. પાક વિમા અને હોનારતો આવવાની સ્થિતિમાં મળનાર સરકારી વળતર એક મજાક સમાન છે. હવે તો ભૂમિ અધિગ્રહણ મારફતે ખેડૂતની પાસે રહી ગયેલી એક માત્ર સંપત્તિને આંચકી લેવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં દેશભરના ખેડૂતોની એક માંગ સરકાર સમક્ષ મૂકી દેવી જોઈએ. જેમ સરકાર પોતાના કર્મચારીઓના વેતન નક્કી કરવા માટે વેતનપંચની રચના કરે છે તેવી જ રીતે ખેડૂતોની આવક નક્કી કરવા માટે એક ખેડૂત આવકપંચ બનાવવું જરૂરી છે.

જેમ સરકાર દરેક પ્રકારના મજૂર માટે લઘુત્તમ વેતન નક્કી કરે છે તેવી જ રીતે ખેડૂત માટે પણ કામ થવું જોઈએ. જે રીતે સરકાર ઓછામાં ઓછા કાગળ પર રોજગારીની વાત કરી રહી છે તે રીતે આગળ વધવાની જરૂર છે. ખેડૂતને આવકની ગેરેન્ટી માટે કાયદો બને તે પણ ખૂબ જરૂરી છે. કૃષિના ક્ષેત્રમાં વર્ષોથી ધ્યાન આપવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ આ દિશામાં કોઈ નક્કર પહેલ થઈ નથી. ખેડુતોને પાણીની સમસ્યા પણ હમેંશા નડે છે. આ દિશામાં પ્રયાસો થઈ રહ્યા નથી.

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઈ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પૅણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિંતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઈ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઈલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



### આધુનિક લાઇફસ્ટાઇલ-ખાવા પીવાની ખરાબ ટેવથી મુશ્કેલી....

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે

**ભાગદોડની લાઇફમાં સ્વાદને આરોગ્ય કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે : આરોગ્યને લઇને શિસ્તમાં રહેવાની જરૂર છે**

દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઈ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઈ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઈ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે.

હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઈ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઈ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે. આરોગ્ય માટે કઈ ચીજ ખાવી જોઈએ અને કઈ નહી તેને લઈને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઈ રીતે ચેડા થઈ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે.

પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઈંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઈંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને



શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઈ જાય છે.

ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઈને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઈને કોઈ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઈ વ્યક્તિ માંસાહરી છે અને કઈ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતી આવી બની ગઈ છે કે અમે કોઈ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઈ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતિમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઈ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઈંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતિમાં ઈંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઈ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.

### સર્વેમાં કેટલીક બાબત સપાટી પર

### બર્ગર અને પિજ્જા પણ જંક ફુડની કેટેગરીમાં...

દેશમા ૨૧ રાજ્યોને લઈને હાલમાં રસપ્રદ સર્વે કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. સેપલ સર્વેમાં ૭૦ લોકો નોન વેજિટેરિયન હોવાની વિગત સપાટી પર આવી છે. વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની વાત કરવામાં આવે તો તેલંગાણામાં ૯૮.૭૦ ટકા લોકો નોન વેજિટેરિયન છે જ્યારે રાજસ્થાનમાં ૭૪.૯૦ ટકા લોકો વેજિટેરિયન છે. બંગાળમાં ૯૮.૫૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. આંધ્રપ્રદેશમાં ૯૮.૨૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. ભારતમાં ફાસ્ટ ફુડનો કારોબાર હવે સતત વધી રહ્યુ છે. ભારતમાં હાલમાં ફાસ્ટ ફુડના કારોબારનુ કદ ૮૫૦૦ કરોડની આસપાસ છે. એક અંદાજ મુજબ જે ગતિથી ફાસ્ટ ફુડના કારોબારમાં વધારો થઈ રહ્યો છે તે જોતા વર્ષ ૨૦૨૦ સુધી ફાસ્ટ ફુડનો કારોબાર દેશમાં ૨૫૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. જંક ફુડમાં બર્ગર, પિજ્જા તો આવે છે પરંતુ ચિપ્સ અને કેન્ડી જેવી ચીજો પણ આંમાં આવી જાય છે.

# ચારિત્ર માણસનાં જીવનનું પવિત્ર આભૂષણ છે




**મન ઉપવન**

મુકેશ આંજણા

મનુષ્ય જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માટે ખરાં-ખોટાં રસ્તા તરફ વળે છે. તેના લીધે પોતાનાં જીવનમાં હકારાત્મક સારું પરિણામ મેળવી શકતો નથી. સુખને પામવા માટે સાવ નીચલી કક્ષાનું કામ કરતા માણસ ખચકાતો નથી. દેશના મહાન સંતોના ઉપદેશથી ફલિત થાય છે કે આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી. કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને તેનામાં દ્રઢતા અને નિગ્રહશક્તિ હોય છે. તે માર્ગ જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. અંતરની સફાઈ કરવા માટે કાયમી માટે દુર્ગુણો પર કાબૂ મેળવે છે, તે માનવી જીવન પર વિજય પ્રાપ્ત કરે છે. ક્રોધ જીવનને બાળી દે છે. ચારિત્ર માણસનાં જીવનનું આભૂષણ છે. તે કલંકિત થાય છે ત્યારે જીવનમાં ગુમાવવા જેવું કશું બાકી રહેતું નથી. સંતશ્રી રાજારામજી મહારાજે ક્રોધથી દૂર રહેવા માટે અને ચારિત્રની સદાય રક્ષા કરવા માટેનો ઉપદેશ આપેલ છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે જે માણસે પોતાનું ચારિત્ર ગુમાવી દીધું છે, તેનાં જીવનમાં ગુમાવવા જેવું કશું બચતું નથી. આ દુનિયામાં ધનની હાનિને માણસ સૌથી મોટી હાનિ માને છે, પરંતુ જે માણસે ચારિત્ર ગુમાવી દીધું છે તેનાથી સમાજ, કુટુંબને સૌથી મોટી હાનિ થાય છે અને તેના પર કોઈ વિશ્વાસ પણ કરતું નથી. તેવા લોકો પાસે સજ્જન માણસો બેસવાનું પણ પસંદ કરતા નથી. સારા માણસો તો ચારિત્રહીન ધરાવતા લોકોના પડછાયાથી દૂર ભાગતા હોય છે. ચારિત્રહીન માણસો પોતાને તો કલંકિત કરે છે, પણ સાથે-સાથે પોતાનાં કુળને પણ કલંકિત કરે છે. તે પોતાની



ખાનદાનની પ્રતિષ્ઠા પર દાગ લગાડે છે. એટલે જ કહેવાય છે કે જેનું ચારિત્ર કલંકિત થયેલ છે. તેનાં જીવનમાંથી બધું ચાલ્યું જાય છે. ચારિત્ર માણસનાં જીવનની સૌથી મોટી પૂંજી છે. ચારિત્ર અણમોલ છે. ચારિત્ર જીવનની સફળતાની સીડી છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ચારિત્ર જેવું મૂલ્યવાન આભૂષણ માણસ ખોઈ બેસે છે ત્યારે તે કંગાળ અને નિર્ધન બની જાય છે. જયારે ચારિત્ર વ્યક્તિનું મનોબળ વધારે છે. ચારિત્રવાન માણસ સંસારની પ્રત્યેક વસ્તુને પ્રાપ્ત કરે છે. માણસનાં જીવનમાં ચારિત્ર કલંકિત થાય છે ત્યારે તમામ સંસ્કારો નષ્ટ થઈ જાય છે. સંસ્કાર નષ્ટ થતાં એક ક્ષણ પણ લાગતી નથી. જયારે માણસનાં જીવનમાં સંસ્કાર આવતાં વર્ષોનાં વર્ષો લાગી જાય છે. ચારિત્રહીન માણસોને અપમાન, તિરસ્કાર મળે છે. તે ગમે તેટલો મોટો ધનવાન હોવા છતાં પણ વાસ્તવિકત રીતે વિશ્વાસહીન માણસ કહેવાય છે.

શ્રી રાજારામજી મહારાજ કહે છે કે ‘‘દરેક મા-બાપને પોતાનાં બાળકોને ચારિત્રવાન બનાવવા માટે કોશિશ કરવી જોઈએ. જે માણસ ચારિત્રનું મહત્ત્વ સમજે છે. તેનું જીવન પુણ્યશાળી બની જાય છે. ચારિત્ર ગુમાવી દીધું છે તે વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકતો નથી.’’ માણસ પોતાનાં શરીર પર કપડા પહેરે છે તેનાથી અંગ ઢાંકી શકાય છે, પરંતુ માનવી પોતાના સંસ્કાર ઢાંકી શકતો નથી. જયારે કપડાં મેલાં થઈ જાય છે ત્યારે સાબુથી ધોઈને તેને સ્વચ્છ કરી શકાય છે, પરંતુ ચારિત્રનું કલંક લાગી ગયાં બાદ તેને આજીવન દૂર કરી શકાતું નથી એટલે કે આ સંસારમાં કોઈ પણ માણસ પોતાનાં ચારિત્રને કલંક લાગ્યા બાદ સાબુથી ધોઈને પણ સાફ કરી શકતો નથી....

બાળકોનાં માતા-પિતાને મહાન પુરુષોનાં ચારિત્ર સાથે જોડાયેલી વાર્તાઓ સંભળાવવી જોઈએ. તેની પ્રેરણાથી બાળકો પોતાનું જીવન શણગારી શકે છે. શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે , ‘‘ચારિત્રવાન માણસોની સમાજ પણ ઈજ્જત કરે છે અને ખરાબ ચારિત્ર ધરાવનાર માણસોનો સમાજ તિરસ્કાર કરે છે. ચારિત્ર પર ઠેસ પહોંચે તેવું કોઈ પ્રકારનું કાર્ય કરવું જોઈએ નહીં’’

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ‘‘કોઈ પણ માણસ હોય તેને ક્રોધથી દૂર રહેવું જોઈએ તેવો ઉપદેશ આપ્યો હતો. શ્રી રાજારામજી મહારાજ કહ્યું છે કે ક્રોધ માણસના ચહેર પર પણ વિકૃતિ પેદા કરે છે અને માણસમાં ક્યારેક ડર પણ પેદા કરે છે. ક્રોધ કરવાથી માણસ ઘણી વખત ખોટો નિર્ણય લઈ લે છે. જેના કારણે જીવનમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે.’’

દુઃખ ન જોઈતું હોય તો આપણે આપણામાં રહેલા ઘણા બધા દોષોને દૂર કરવા જોઈએ. એ વાત સાદી અને સરળ લાગે છે કે પોતાને બુદ્ધિમાન કહેવડાવીએ છીએ, છતાં આપણને સમજાતી નથી. આપણે ક્રોધને લીધે બીજાઓને પણ દુઃખી કરીએ છીએ. માનવ-સમાજની રક્ષા માટે ચારિત્રવાન માણસોની ખૂબ જ જરૂર છે. જ્યાં ચારિત્રવાન માણસો છે, ત્યાં પુણ્યશાળી આત્માઓ બિરાજમાન થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# કેરળના કન્નુરમાં એક ઘરમાં વિસ્ફોટ, એક વ્યક્તિનું મોત

। કન્નુર, તા.૩૦ ।

કેરળના કન્નુર જિલ્લામાં શુક્રવાર અને શનિવારની મધ્યરાત્રિએ એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. એક ઘરમાં અચાનક વિસ્ફોટથી સનસનાટી મચી ગઈ હતી, આ વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હોવાના અહેવાલ છે. કન્નુર જિલ્લાના કન્નપ્પુરમના કીઝારામાં એક ભાડાના મકાનમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હતું. કન્નપ્પુરમ પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકની ઓળખ હજુ સુધી થઈ નથી કારણ કે તેનો મૃતદેહ વિકૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયું છે.સ્થાનિક રહેવાસીઓની માહિતી પર, પોલીસ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ સવારે ૨ વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ આ વિસ્ફોટના કારણો શોધવામાં વ્યસ્ત છે. પોલીસ ટીમ એ પણ શોધી રહી છે કે ઘરના કાટમાળ નીચે બીજા કેટલાક લોકો દટાયેલા છે કે કેમ.આ ઘર ગોવિંદન નામના વ્યક્તિનું હતું, જેણે આ ઘર અનુપ નામના વ્યક્તિને ભાડે આપ્યું હતું. જોકે, મૃતક કોણ છે તેની પુષ્ટિ થઈ નથી. સ્થાનિક લોકોનું કહેવું છે કે આ ઘરમાં ફટાકડા બનાવવામાં આવ્યા હતા અને એક પ્રકારનો દેશી બોમ્બ ગુંડુ ફૂટ્યો હશે. પોલીસ વિસ્ફોટના કારણો શોધવામાં વ્યસ્ત છે.ગુરુવારે કર્ણાટક-કેરળ સરહદને અડીને આવેલા તાલાપડી ખાતે બ્રેક ફેઈલ થવાને કારણે કાસરગોડથી મેંગલુરુ જઈ રહેલી KSRTC બસ બસ સ્ટેન્ડ અને ઓટો-રિક્ષા સાથે અથડાઈ, જેમાં એક જ પરિવારના ચાર સભ્યો સહિત છ લોકોના મોત થયા અને સાત

જમ્મુ અને કાશ્મીરના

# રિયાસી જિલ્લાના મહોર વિસ્તારમાં ભૂસ્ખલન, એક જ પરિવારના સાત લોકોના મોત । કુલ ૧૦ના મોત નિપજયાં

**સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે રામબનના રાજગઢના ગડગ્રામમાં વાદળ ફાટવાની ઘટના બની છે । ત્રણ મૃતદેહો મળી આવ્યા છે, ગુમ થયેલા લોકોની શોધ ચાલુ છે**

। જમ્મુ, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરમાં બે જગ્યાએ વાદળ ફાટવાની ઘટનાઓ નોંધાઈ છે. આના કારણે કુલ ૧૦ લોકો મૃત્યુ પ ામ્યા છે. રામબન જિલ્લાના રાજગઢ તાલુકામાં મોડી રાત્રે વાદળ ફાટવાથી ઓછામાં ઓછા ત્રણ લોકો મૃત્યુ પામ્યા છે. ૫ લોકો ગુમ છે. સિયાસી જિલ્લામાં વાદળ ફાટવાથી ૭ લોકોના મોત થયા છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે રામબનના રાજગઢના ગડગ્રામમાં વાદળ ફાટવાની ઘટના બની છે. ત્રણ મૃતદેહો મળી આવ્યા છે, ગુમ થયેલા લોકોની શોધ ચાલુ છે. મોટી સંખ્યામાં સ્થાનિક અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે.

બીજી તરફ, રિયાસી જિલ્લાના માહોર વિસ્તારમાં વાદળ ફાટવાથી આફત આવી છે. માહોર વિસ્તારના બદર ગામમાં ગઈકાલે રાત્રે વાદળ



ફાટવાથી ૭ લોકોના મોત થયા છે. માહોર વિસ્તારના ધારાસભ્ય મોહમ્મદ ખુર્શીદે જણાવ્યું કે પરિવાર રાત્રે ત્યાં સૂતો હતો. આખો કાટમાળ તેમના ઘર પર પ ડ્યો અને તેઓ તેની નીચે દટાઈ ગયા. તેમણે વધુમાં કહ્યું કે સ્થાનિક લોકોએ બચાવ્યા અને તમામ મૃતદેહોને બહાર કાઢ્યા છે. તે એક ગરીબ પરિવાર હતો. મોડી રાત્રે અધિકારીઓ પહોંચ્યા

ઘટના બાદ, રામબનના ડેપ્યુટી કમિશનર ઈલ્યાસ ખાન સહિત વરિષ્ઠ વહીવટી અધિકારીઓ બચાવ અને રાહત કામગીરીનો અભ્યાસ કરવા માટે સવારે ૨ વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા. સમગ્ર વહીવટીતંત્ર હાઈ એલર્ટ પર છે. પરિસ્થિતિને સંભાળવા અને અસરગ્રસ્ત લોકોને જરૂરી તમામ સહાય પૂરી પ ાડવા માટે કામ કરવામાં આવી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં વાદળ ફાટવાની ઘટનાઓએ ભારે વિનાશ સર્જ્યો છે. કિશ્તવાડ, કઠુઆ અને ડોડા જિલ્લામાં વાદળ ફાટવાની ઘટના બની છે. આ સાથે જ જમ્મુ અને કાશ્મીરના ઘણા જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. પૂરની સ્થિતિ પણ યથાવત છે.

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં વાદળ ફાટવાની ઘટનાઓમાં ભારે વિનાશ થયો છે. કિશ્તવાડ જિલ્લાના ચોસીટી ગામમાં માછૈલ માતા તીર્થ માર્ગ પર વાદળ ફાટવાથી ભયાનક પ રિસ્થિતિ સર્જાઈ હતી. આ અકસ્માત ૧૫ ઓગસ્ટના રોજ થયો હતો. આ અકસ્માતમાં લગભગ ૬૦ લોકોના મોત થયા હતા. તેમાં બે સીઆઈએસએફ જવાન અને અનેક યાત્રાળુઓનો સમાવેશ થાય છે. લગભગ ૫૦ થી ૨૨૦ લોકો ગુમ થયાના અહેવાલ છે, અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે.

## ‘સમંદર ચાચા’ એન્કાઉન્ટરમાં ઠાર, ૧૦૦થી વધુ ઘૂસણખોરીમાં સામેલ હતો

। જમ્મુ-કાશ્મીરના, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરના ગુરેઝ સેક્ટરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી. આતંકીઓની દુનિયામાં ‘હ્યુમન જીપીએસ‘ તરીકે ઓળખાતા બાગુ ખાન ઉર્ફે સમંદર ચાચા ઠાર મરાયો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, સમંદર ચાચા સાથે વધુ એક પાકિસ્તાની ઘુસણખોર એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે.અહેવાલો અનુસાર, બાગુ ખાન ઉર્ફે સમંદર ચાચા વર્ષ ૧૯૯૫થી પ ાકિસ્તાન અધિકૃત કાશ્મીર માં રહેતો હતો. સુરક્ષા એજન્સીઓ અનુસાર, તે છેલ્લા ત્રણ દાયકામાં ગુરેઝ સેક્ટર અને આસપાસના વિસ્તારોમાંથી ૧૦૦થી વધુ ઘૂસણખોરીના પ્રયાસોમાં સામેલ હતો, જેમાંથી મોટાભાગના સફળ રહ્યા હતા. પહાડી વિસ્તારના ગુપ્ત માર્ગો વિશેના તેના ઊંડા જ્ઞાનને કારણે તે આતંકી સંગઠનો માટે ખૂબ ખાસ હતો.બાગુ ખાન હિઝબુલ કમાન્ડર હતો અને તે ફક્ત એક આતંકી સંગઠન પૂરતો મર્યાદિત નહોતો. તે લગભગ દરેક આતંકી સંગઠનને ઘૂસણખોરીની યોજના બનાવવામાં અને તેને અંજામ આપવામાં મદદ કરી હતી. તેથી તેને આતંકીઓ ‘હ્યુમન જીપીએસ‘ કહેતા હતા.સૂત્રોના જણાવ્યાનુસાર, ૨૮મી ઓગસ્ટની રાત્રે જ્યારે બાગુ ખાન નૌશેરા નાર વિસ્તારમાંથી ફરીથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે સુરક્ષા દળોએ તેને ઘેરી લીધો હતો.

## પુત્રી બીજી જાતિના યુવકને પ્રેમ કરતી હતી, પિતાએ તેનું ગળું દબાવીને હત્યા કરી

। બેંગ્લુરૂ, તા.૩૦ ।

કર્ણાટકના કાલાબુરાગી જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મેલાકુંડા ગામમાં, એક પિતાએ તેની પુત્રીનું ગળું દબાવીને હત્યા કરી દીધી કારણ કે તે બીજી જાતિના યુવકને પ્રેમ કરતી હતી. મૃતકની ઓળખ કવિતા કોલ્લુર તરીકે થઈ છે. કવિતા તે જ ગામના બીજી જાતિના યુવક સાથે પ્રેમમાં હતી.આરોપી પિતાને લાગ્યું કે દીકરીના આ નિર્ણયથી તેનું સન્માન જોખમમાં છે. પુરાવાનો નાશ કરવા માટે પિતાએ દીકરીના શરીરને આગ લગાવી દીધી. કવિતાએ પોતાનો પીયુસીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તે નર્સિંગનો અભ્યાસ કરતી હતી. તે એ જ ગામના એક ઓટો ડ્રાઈવર સાથે પ્રેમમાં હતી.

કવિતાના પ્રેમ વિશે જાણીને, પ હેલા તો માતાપિતાએ દીકરીને ઠપ કો આપવાનો અને ઠપકો આપ વાનો અને તેને સાચા રસ્તે લાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ જ્યારે છોકરીએ પોતાના પ્રેમના છોકરાને છોડવાનો ઈનકાર કર્યો, ત્યારે તેઓએ તેને ત્રાસ આપ્યો.ગઈકાલે રાત્રે તેના પિતા શંકર કોલુરે કવિતા પર હુમલો કર્યો. કવિતાના પિતા સાથે તેના સંબંધીઓ શરણપ્પા અને દત્તપ્પા હતા. આરોપીઓએ પહેલા કવિતા પર હુમલો કર્યો. પછી તેનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી.

હિન્દુ લગ્ન એક સંસ્કાર છે, ધાર્મિક હેતુ નથી : મદ્રાસ હાઈકોર્ટ એચઆર એન્ડ સીઇ

# મંદિરના પૈસા સરકારી નથી, ફક્ત દેવતાનો અધિકાર । તમિલનાડુ સરકારને મદ્રાસ હાઈકોર્ટનો મોટો ઝટકો

**નિર્ણયની સાથે હાઈકોર્ટે ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ૫ આદેશોને પણ રદ કર્યા છે, જેમાં મંદિરના ભંડોળનો ઉપયોગ કરીને લગ્ન હોલ બનાવવાનું કહેવામાં આવ્યું**

। નવીદિલ્હી, તા.૨૬ ।

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારને ઝટકો આપ્યો છે. કોર્ટે કહ્યું કે ભક્તો દ્વારા મંદિરમાં આપ વામાં આવેલા દાનના પૈસા પર ફક્ત દેવતાઓનો હક છે. આવી સ્થિતિમાં તેનો ઉપયોગ ફક્ત મંદિરના કોઈ કાર્ય માટે અથવા તો ધાર્મિક અને ધર્માર્થે કરવો જોઈએ. આ નિર્ણયની સાથે હાઈકોર્ટે ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ૫ આદેશોને પણ રદ કર્યા છે, જેમાં મંદિરના ભંડોળનો ઉપયોગ કરીને લગ્ન હોલ બનાવવાનું કહેવામાં આવ્યું હતું.મંદિરની મિલકત અને ભંડોળને સરકાર દ્વારા વ્યાવસાયિક રીતે ઉપ યોગ સામે દાખલ કરવામાં આવેલી અરજીમાં અરજદારે દાવો કર્યો હતો કે, સરકારને મંદિરના ભંડોળનો ઉપયોગ કરવાનો કોઈ અધિકાર નથી. અરજદારે દલીલ કરી હતી કે, સરકાર મંદિરના



નાણાંથી જે લગ્ન હોલ બનાવવા માંગે છે તેનો કોઈ ધાર્મિક હેતુ નથી, કારણ કે તે ભાડા પર આપવામાં આવી રહ્યા છે.આ અઠવાડિયે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચના ન્યાયાધીશ એસ. એમ. સુબ્રમણ્યમ અને ન્યાયાધીશ જી. અરુલ મુરુગનની બેન્ચે આ આદેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું કે, તમિલનાડુ સરકાર મંદિરના સંસાધનોનો ઉપ યોગ માત્ર મંદિરોના જાળવણી અને વિકાસ અને તેની સાથે સંબંધિત ધાર્મિક પ્રવૃત્તિઓ માટે કરવા માટે બંધાયેલી છે. તેનો વ્યાવસાયિક રીતે ઉપયોગ કરી શકાતો નથી.રાજ્ય સરકાર તરફથી હાજર રહેલા વકીલ વીરા કથીરાવનએ દલીલ કરી હતી કે, મંદિરના ભંડોળનો ઉપયોગ સમાજ માટે થઈ રહ્યો છે. જે ઈમારતો બનાવવામાં આવી છે તેમાં ધાર્મિક રિવાજો અનુસાર કરવામાં આવતા હિન્દુ લગ્નોને જ મંજૂરી આપ વામાં આવશે. રાજ્યએ કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે, હજુ સુધી તેના માટે કોઈ પૈસા આપવામાં આવ્યા નથી અને તમામ પ્રસ્તાવિત નિર્માણકાર્ય કાર્ય માટે જરૂરી મંજૂરીઓ મેળવવામાં આવશે. જોકે, હાઈકોર્ટે રાજ્યની આ દલીલને ઠુકરાવતા કહ્યું કે, હિન્દુ લગ્નને એક સંસ્કાર માનવામાં આવે છે, પરંતુ હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ હેઠળ તેમાં કરાર આધારિત તત્વો પણ સામેલ છે. તેથી હિન્દુ વિવાહ HR&CE કાયદા હેઠળ આ ‘ધાર્મિક હેતુ’ નથી.કોર્ટે, હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ એક્ટ, ૧૯૫૯ નો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ કાયદો મંદિરના ભંડોળને ફક્ત ધાર્મિક કાર્યો અથવા પૂજા, અન્નદાન, યાત્રાળુઓના કલ્યાણ અને ગરીબોને સહાય જેવા સહાયતા હેતુઓ માટે જ ખર્ચવાની મંજૂરી આપે છે.

ઓનલાઈન ગેમિંગ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન એક્ટ

## બેંકોએ ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ અંગે આરબીઆઇ પાસેથી વિગતવાર માર્ગદર્શિકા માંગી

। મુંબઇ, તા.૩૦ ।

બેંકો અને નાણાકીય સેવાઓ કંપનીઓએ નાણાકીય સેવાઓ વિભાગ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય સાથે એક મહત્વપૂર્ણ બેઠકમાં નાણાં સંબંધિત ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ લાગુ કરવા માટે ભારતીય રિઝર્વ બેંક પાસેથી વિગતવાર માર્ગદર્શિકા માંગી છે. સૂત્રોએ આ માહિતી આપી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ નાણાકીય સેવા કંપનીઓએ પ્રતિબંધના આદેશને અમલમાં મૂકવા માટે જરૂરી વ્યવસ્થા તૈયાર કરવા માટે વધારાનો સમય પણ માંગ્યો છે. સરકારે તાજેતરમાં ‘ઓનલાઈન ગેમિંગ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન એક્ટ’ હેઠળ તમામ પ્રકારના ઓનલાઈન મની ગેમિંગ પર પ્રતિબંધ મૂક્યો છે. આત્મહત્યાની ઘટનાઓ અને ભારે નાણાકીય નુકસાનની વારંવારની ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.સૂત્રોએ જણાવ્યું હતું કે બેઠકમાં મુખ્યત્વે આ કાયદાની જોગવાઈઓને સમજવા અને બેંકો અને નાણાકીય કંપનીઓ તેનો અમલ કેવી રીતે કરશે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, “સંક્રમણ સમયગાળા માટેની વ્યવસ્થા અને સંભવિત પડકારો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બધાએ તેને અમલમાં મૂકવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, પરંતુ આ સંદર્ભમાં ઈૈં પાસેથી વિગતવાર માર્ગદર્શિકા પણ માંગી છે. આ સાથે, તેમની પાલન પદ્ધતિ સુધારવા માટે સમયની પણ માંગ છે.” કાયદા હેઠળ, ઓનલાઈન મની ગેમ્સ સંબંધિત જાહેરાતો બતાવી શકાતી નથી અને બેંકો અને નાણાકીય કંપનીઓને પણ આવી રમતો માટે પૈસા ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.જાહેરાત કરવા પર બે વર્ષ સુધીની જેલ અને ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, જ્યારે નાણાકીય વ્યવહાર સુવિધા પૂરી પાડવા પર ત્રણ વર્ષ સુધીની જેલ અને એક કરોડ રૂપિ યા સુધીનો દંડ થઈ શકે છે. વારંવાર ગુના કરવા પર ત્રણથી પાંચ વર્ષની જેલ અને ૨ કરોડ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. દરમિયાન, દેશની મોટી ઓનલાઈન મની ગેમિંગ કંપનીઓએ સરકારના નિર્ણયને ધ્યાનમાં રાખીને પોતાની સેવાઓ બંધ કરવાની જાહેરાત કરી છે.

## ન્યૂઝ બ્રિફ



### જાપાનમાં પીએમ મોદીએ બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી, ભારતીય ડ્રાઇવરોને મળ્યા

। ટોક્યો, તા.૩૦ ।

આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાપાન મુલાકાતનો બીજો દિવસ છે. પીએમ મોદીએ જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશિબા સાથે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી. પ્રવાસ પછી, તેમણે સેમિકન્ડક્ટર ફેક્ટરીની મુલાકાત લીધી. તેમણે ઈસ્ટ જાપાન રેલ્વે કંપનીમાં તાલીમ લઈ રહેલા ભારતીય ટ્રેન ડ્રાઈવરોને પણ મળ્યા.જાપાનના વડા પ્રધાને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મોદી સાથેની તસવીરો શેર કરી. તસવીરો શેર કરતી વખતે તેમણે લખ્યું કે તેઓ વડાપ્રધાન મોદી સાથે સેન્ડાઈ જઈ રહ્યા છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલેએ તેમના સોશિયલ મીડિયા પર પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું કે મોદી ટોક્યોમાં જાપાનના સોળ પ્રાંતોને મળશે. રાજ્યપાલોને મળ્યા. વાતચીત દરમિયાન, પીએમ મોદીએ રાજ્યો અને પ્રાંતો વચ્ચે સહયોગની શક્યતાઓ પર ચર્ચા કરી. તેમણે બંને દેશો વચ્ચે રાજ્ય સ્તરના સહયોગને પ્રોત્સાહન આપવાની પણ અપીલ કરી, જે ૧૫મી ભારત-જાપાનમાં યોજાશે. તે વાર્ષિક સમિટ દરમિયાન શરૂ કરાયેલ રાજ્ય-પ્રદેશ ભાગીદારી પહેલ હેઠળ આવે છે. પીએમ મોદીએ ભારતીય રાજ્યો અને જાપાની રાજ્યો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. ટેકનોલોજી, નવીનતા, રોકાણ, કૌશલ્ય, સ્ટાર્ટ-અપ્સ અને જીસ્ઈ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કર્યું.જ્યારે વડાપ્રધાન મોદી શનિવારે જાપાનના લ્ઈ ઈસ્ટ ખાતે ભારતીય ટ્રેન ડ્રાઈવરોની તાલીમ બેઠકમાં ભાગ લેશે જ્યારે અમે પહોંચ્યા ત્યારે બધા ટ્રેન ડ્રાઈવરો મોદીનું સ્વાગત કરવા માટે કતારમાં ઉભા હતા.

### યુપી ચૂંટણીએ સપાના તમામ જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓને હટાવ્યા

। લખનૌ, તા.૩૦ ।

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પ ાર્ટીના સંગઠનમાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યા છે. પાર્ટીએ યુપીના તમામ જિલ્લા અને વિધાનસભા ક્ષેત્રોના તમામ પ્રભારીઓને હટાવી દીધા છે. આગામી વર્ષે યુપીમાં યોજાનારી પંચાયત ચૂંટણી અને ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા, અખિલેશ યાદવ પાર્ટી સંગઠનને વધુ કાર્યક્ષમ બનાવવા માંગે છે.પાર્ટીના નેતાઓ કહે છે કે જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓ જે હવે ત્યાં હતા. તેમને અલગ અલગ સમયે અલગ અલગ કાર્યો માટે બનાવવામાં આવ્યા હતા. પાર્ટીના “અપના બૂથ કરો મજબૂત” અભિયાન દરમિયાન ઘણા બધા પ્રભારીઓ બનાવવામાં આવ્યા હતા. તેમાંથી ઘણાને દૂર કરવામાં આવ્યા છે. તે જ સમયે, કેટલાક નેતાઓની ફરિયાદો અખિલેશ યાદવ સુધી પહોંચી છે.સૂત્રો કહે છે કે અખિલેશ યાદવ આમાંના ઘણા પ્રભારીઓથી ખુશ નહોતા. અખિલેશ યાદવ ઈચ્છે છે કે જિલ્લા પ્રભારી હોય કે વિધાનસભા પ્રભારી, એવો નેતા બનાવવામાં આવે જે મજબૂતાઈથી કામ કરે. હવે સમાજવાદી પાર્ટી નવા જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓ બનાવીને યાદી જાહેર કરશે.

## બીડઃ હાઇ સ્પીડ કન્ટેનરે ૬ લોકોને કચડી નાખ્યા, ૪ ના ઘટનાસ્થળે જ મોત

। મુંબઇ, તા.૩૦ ।

મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં સોલાપુર-ધુલે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચાલતા છ લોકોને એક હાઈ સ્પીડ કન્ટેનરે કચડી નાખ્યા. તેમાંથી ચારના ઘટનાસ્થળે જ મોત થયા. આ દુઃખદ અકસ્માત બીડ શહેર નજીક નામલગાંવ ફાટા ખાતે થયો હતો. ધુળે-સોલાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બીડ શહેરના નમલગાંવ ફાટાના ફલાયઓવર પાસે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ થયેલા આ ભયાનક અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ધનખરે રાજસ્થાન વિધાનસભામાં પેન્શન માટે અરજી કરી હતી

। નવીદિલ્હી, તા.૩૦ ।

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે રાજસ્થાન વિધાનસભામાંથી પેન્શન માટે અરજી કરી છે. ૧૯૯૩ માં, તેઓ કોંગ્રેસની ટિકિટ પર કિશનગઢથી ધારાસભ્ય બન્યા. નિયમો અનુસાર, ૭૪ વર્ષીય ધનખડને માસિક લગભગ ૪૨ હજાર રૂપિયા પેન્શન મળશે. વાસ્તવમાં, રાજસ્થાનમાં નેતાઓ માટે ડબલ-ટ્રિપલ પેન્શન સિસ્ટમ લાગુ છે, જે હેઠળ સાંસદ અને ધારાસભ્ય પેન્શન લઈ શકે છે. જો કોઈ વ્યક્તિ સાંસદ અને ધારાસભ્ય બંને પદો પર રહી ચૂકી હોય, તો તે બંને પ દો માટે પેન્શન લઈ શકે છે. જોકે, રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષે હજુ સુધી ધનખડની અરજીની પુષ્ટિ કરી નથી.જગદીપ ધનખડએ ૨૧ જુલાઈના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે અચાનક ખરાબ સ્વાસ્થ્યનું કારણ આપીને પોતાનું પદ છોડી દીધું હતું અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રાજીનામું સુપરત કર્યું હતું. તેમના રાજીનામા પછી, વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. હવે મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન નવા ઉપરાષ્ટ્રપતિની રેસમાં સૌથી આગળ છે.ગયા મહિને અચાનક ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપનાર જગદીપ ધનખડ પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યા છે તેમજ નિયમિતપણે યોગનો અભ્યાસ કરી રહ્યા છે અને ટેબલ ટેનિસ રમી રહ્યા છે. ઓગસ્ટ ૨૦૨૨ માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા તે પહેલાં, જ્યારે ધનખર પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા, ત્યારે તેમણે કલાપ્રેમી ટેબલ ટેનિસ રમવાનું શરૂ કર્યું હતું.

**મરાઠા અનામત** | **મનોજ જરાંગેએ કહ્યું કે મરાઠા સમુદાય રાજકારણમાં આવવા માંગતો નથી અને ફક્ત અનામત ઇચ્છે છે**

# આંદોલનનો બીજો દિવસ, હું આગામી બે દિવસમાં પાણી પીવાનું બંધ કરી દઈશ : જરંગે

। મુંબઇ, તા.૩૦ ।

મુંબઈના આઝાદ મેદાનમાં મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરંગેની ભૂખ હડતાળ શનિવારે બીજા દિવસે પણ ચાલુ રહી. જરંગેએ જાહેરાત કરી છે કે જ્યાં સુધી મરાઠા સમુદાયની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ પાછા નહીં હટે. ગઈકાલે રાત્રે મુંબઈમાં વરસાદને કારણે જરંગે અને તેમના સમર્થકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભીના મેદાનને કારણે, મરાઠા અનામત કાર્યકરો કાદવ, શૌચાલય અને પાણીના અભાવનો સામનો કરી રહ્યા છે.

મનોજ જરાંગે માંગ કરે છે કે મરાઠા સમુદાયને ઓબીસી શ્રેણી હેઠળ કુણબી વર્ગ




તરીકે માન્યતા આપવામાં આવે, જેથી તેઓ નોકરીઓ અને શિક્ષણમાં અનામતનો લાભ મેળવી શકે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું કે રાજ્ય સરકાર મરાઠા સમુદાયના સામાજિક અને નાણાકીય મુદ્દાઓને ઉકેલવા માટે સકારાત્મક છે, પ રંતુ તેમાં કોઈ રાજકારણ ન હોવું જોઈએ. ફડણવીસે કહ્યું છે કે કેબિનેટ સબ-કમિટી મરાઠા સમુદાય અને મનોજ જરાંગેની માંગણી સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે અને બંધારણીય માળખામાં ઉકેલ શોધવામાં આવશે.મનોજ જરાંગેએ સરકારને ચેતવણી આપી છે કે જો સરકાર શિક્ષણ અને નોકરીઓમાં મરાઠા સમુદાય માટે અનામતની માંગ પર નિર્ણય લેવામાં વિલંબ કરશે, તો તેઓ આગામી બે દિવસમાં પાણી પીવાનું બંધ કરશે. જરાંગેએ કહ્યું, ‘જો તમે નિર્ણય લેવામાં (અનામતની જાહેરાત કરવા પર) મોડું કરશો, તો વધુ મરાઠા મુંબઈ આવશે. જો સરકાર મરાઠાઓનો નાશ કરવા માંગતી હોય, તો તેણે વાતચીત કેમ શરૂ કરી?’ તેમણે સરકાર પર મરાઠા અને ઓબીસી વચ્ચે ભાગલા પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો. જરાંગેએ કહ્યું, ‘અમે ક્યારેય કહ્યું નથી કે તમારે ઓબીસી ક્વોટા ઘટાડવો જોઈએ અને અમને તે આપવો જોઈએ. પરંતુ અમે અમારા અધિકારોની માંગ કરી રહ્યા છીએ. આ અમારી છેલ્લી લડાઈ છે. જો વિલંબ થશે તો હું આગામી બે દિવસમાં પાણી પીવાનું બંધ કરી દઈશ.’

મનોજ જરાંગેએ કહ્યું કે મરાઠા સમુદાય રાજકારણમાં આવવા માંગતો નથી અને ફક્ત અનામત ઈચ્છે છે.

# રશિયાના ભયાનક હુમલામાં કીવ ધણધણ્યું, ૨૨ લોકોના મોત । ઝેલેન્સ્કીએ પુતિન પર સાધ્યું નિશાન








યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ફરી એકવાર લોહિયાળ ઘટના બની છે. તાજેતરમાં, રશિયાએ કીવના ડાર્નીત્સ્કી વિસ્તાર પર મોડી રાત્રે ડ્રોન અને મિસાઈલ હુમલાઓથી આખા કીવને હચમચાવી નાખ્યું છે, જેમાં ચાર બાળકો સહિત ૨૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ હુમલો એવા સમયે થયો છે, જ્યારે અમેરિકાના નેતૃત્વમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે શાંતિ પ્રયાસો ચાલી રહ્યા છે.અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના વ્લાદિમીર પુતિનઅને યુક્રેનના વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી, જેનો હેતુ યુદ્ધ અટકાવવાનો હતો, પરંતુ કીવ પર થયેલા આ મોટા હુમલાથી સ્પષ્ટ થઈ ગયું છે કે, રશિયા યુદ્ધ બંધ કરવાના બદલે સૈન્ય કાર્યવાહી વધુ કરી રહ્યા છે. આ હુમલાએ શાંતિ વાટાઘાટોની આશા પર પાણી ફેરવી દીધું છે અને યુદ્ધ વધુ ક્રૂર તબક્કામાં ધકેલી દીધું છે.યુક્રેનના આંતરિક બાબતોના મંત્રી ઈહોર ક્લિમેન્કોએ જણાવ્યું કે, ડાર્નીત્સ્કી જિલ્લામાં રહેણાંક ઈમારતો પર થયેલા હુમલા બાદ બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ઘટનામાં ૨૨ લોકોના મોત થયા છે. શહેરના પ્રશાસન પ્રમુખ તૈમૂર તકાચેન્કોએ માહિતી આપી કે રશિયાએ ડ્રોન, ક્રુઝ અને બેલિસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કર્યો, જેના કારણે શહેરના ૭ જિલ્લાઓમાં ૧૦૦થી વધુ ઈમારતોને નુકસાન થયું, જેમાં એક શોપિંગ મોલનો પણ સમાવેશ થાય છે.

## સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાન્હવી કપૂરની 'પરમ સુંદરી' ફિલ્મ બોક્સ ઓફિસ પર પાસ કે ફેલ?



। મુંબઇ, તા.૩૦ ।

બોલિવૂડના અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'પરમ સુંદરી'ને જોવા દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ રોમેન્ટિક ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા પ છી દર્શકોને લાગ્યું હતું કે કે ફિલ્મ બૉક્સ ઑફિસ પર અનેક રેકોર્ડ તોડશે. મેડોક બેનર હેઠળ બનેલી ફિલ્મ 'પરમ-સુંદરી'નું પહેલા દિવસનું બૉક્સ ઑફિસ કલેક્શન સામે આવ્યું છે. ચાલો જાણીએ કે 'પરમ સુંદરી' ફિલ્મના પહેલા દિવસની કેટલી કમાણી થઈ છે. 'પરમ સુંદરી' ફિલ્મ રિલીઝ થાય તેની પ હેલા દર્શકોને એવી આશા હતી કે આ ફિલ્મ પહેલા દિવસે ૭થી ૯ કરોડની ઓપનિંગ કરશે. દર્શકોના અનુમાન પ્રમાણે ફિલ્મે પહેલા જ દિવસે ૭.૨૫ કરોડની ઓપનિંગ કરી છે. પણ આ ફિલ્મે પહેલા દિવસના કલેક્શનની તુલનામાં વોર ૨ અને કૂલીના પહેલા દિવસનું કલેક્શને પાછળ નથી છોડી શકી. પણ સિદ્ધાર્થ અને જાહ્નવી બંનેની છેલ્લી ફિલ્મની તુલનામાં 'પરમ સુંદરી'ની ઓપનિંગને ઠીક માનવામાં આવી રહી છે. જોકે આ બૉક્સ ઑફિસનું કલેક્શન ગઈ કાલ રાતની છે આજે સવારના કલેક્શનમાં આ આકડો વધી શકે છે. તુષાર જલોટા દ્વારા દિર્ગદર્શિત આ ફિલ્મનું બજેટ વધારે નથી.

## ડેમોક્રેટ શાસિત શહેરમાં સૈન્ય મોકલવાની ધમકીનો ટ્રમ્પ સરકારે બચાવ કર્યો

# શિકાગોમાં હત્યાનો દર દિલ્હી કરતાં ૨૫ ગણો વધુ, ઈસ્લામાબાદ કરતાં બમણો : ડોનાલ્ડ ટ્રમ્પ

**ડેમોક્રેટની નીતિઓના કારણે શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધુ, ૨૦૨૫માં ૧.૪૭ લાખ ગુના નોંધાયા, માત્ર ૧૬ ટકા કેસમાં ધરપકડ થઈ : લેવિટ્ટ । ડીસી પછી હવે શિકાગોમાં, ત્યાર પછી ન્યૂયોર્ક સિટીમાં નેશનલ ગાર્ડ તૈનાત કરીશું : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ**

। વૉશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસી પછી હવે શિકાગોને નેશનલ ગાર્ડને હવાલે કરવાની પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે. શિકાગો ડેમોક્રેટ શાસિત રાજ્યનું શહેર હોવાથી ટ્રમ્પની ચેતવણીનો વિવાદ વકર્યો છે. આવા સમયે વ્હાઈટ હાઉસનાં પ્રવક્તા કેરોલિન લેવિટ્ટે શિકાગોમાં ગુનાના દરની સરખામણી ભારત અને પાકિસ્તાનની રાજધાનીઓ સાથે કરતા કહ્યું કે, શિકાગોમાં હત્યાનો દર પ્રતિ ૧ લાખની વસતીએ ૨૫.૫ છે, જે ઈસ્લામાબાદ કરતાં બમણો અને નવી દિલ્હી કરતાં ૨૫ ગણો વધુ છે. બીજીબાજુ શિકાગો પોલીસ વિભાગનું કહેવું છે કે શહેરમાં એકંદર ગુનાના દરમાં ૨૦૨૪ કરતાં ૧૧ટકા ઘટાડો નોંધાયો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય રાજધાની વોશિંગ્ટન ડીસીને નેશનલ ગાર્ડને હવાલે કરવાના નિર્ણયને ન્યાયિક ઠેરવવા માટે ૨૦૨૪ માં દુનિયાની ૧૧ રાજધાનીઓના હત્યાના આંકડાની સરખામણી કરતો ચાર્ટ રજૂ કર્યો હતો. આ ચાર્ટમાં દિલ્હી ૯મા ક્રમે હતું જ્યારે લંડન અને મેડ્રીડ તેની આગળ હતા. વોશિંગ્ટન ડીસી ૨૭.૬૪ હત્યા સાથે ચાર્ટમાં ટોચ પર હતું.



ટ્રમ્પ સરકારનાં પ્રવક્તા કેરોલિન લેવિટ્ટ મુજબ ૨૦૨૪માં હત્યાનો દર ઈસ્લામાબાદમાં પ્રતિ ૧ લાખ વ્યક્તિએ ૯.૨હતો જ્યારે દિલ્હીમાં તે માત્ર ૧.૪૮ હતો. વોશિંગ્ટન ડીસી પછી હવે ટ્રમ્પ સરકારે શિકાગોમાં નેશનલ ગાર્ડને તૈનાત કરવાની તૈયારી શરૂ કરી છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા સપ્તાહે કહ્યું હતું કે, શિકાગોમાં સ્થિતિ અત્યંત ખરાબ છે અને શહેરીજનો મદદ માટે બૂમો પાડી રહ્યા છે. તેથી હું માનું છું કે હવે શિકાગોમાં નેશનલ ગાર્ડને તૈનાત કરવું જોઈએ અને ત્યાર પ છી અમે ન્યૂયોર્કને મદદ કરીશું. અમેરિકન નેશનલ ગાર્ડને ટેરિટોરિયલ આર્મી સાથે સરખાવી શકાય. નેશનલ ગાર્ડ રાજ્યોના બદલે ફેડરલ સરકારને આધિન હોય છે. વ્હાઈટ હાઉસનાં પ્રવક્તા કેરોલિન લેવિટ્ટે કહ્યું કે, ડેમોક્રેટ શાસિત શહેરોમાં તેમની નીતિઓ ગુનાને પ્રોત્સાહન આપતી હોવાથી ગુનામાં વધારો થયો છે. બીજીબાજુ ટ્રમ્પ સરકારની ગુના વિરોધી નીતિઓના કારણે વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ તૈનાત કર્યા પછી ત્યાં ગુનાની સંખ્યામાં ૪૧ ટકાનો ઘટાડો થયો છે.લેવિટ્ટે કહ્યું કે, શિકાગોમાં છેલ્લા ૧૩ વર્ષથી સતત અમેરિકાના કોઈપણ શહેર કરતાં વધુ હત્યાઓ થઈ રહી છે. ૨૦૨૪માં શિકાગોમાં હત્યાનો દર અન્ય મહત્વના શહેરોની સરખામણીમાં ખૂબ જ વધુ હતો.

**અમેરિકા-ભારત સંબંધોમાં તણાવ**

## અમેરિકાના પૂર્વ એનએસએએ ટ્રમ્પ સામે ભડક્યાં, કહ્યું - 'ભારતને તમે મજબૂર કરી રહ્યા છો કે એ...'

**વોશિંગ્ટનના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને ભારત વિરુદ્ધ આક્રમક ટેરિફ નીતિ અપનાવવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્રની ટીકા કરી**

। વૉશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકા અને ભારતના બગડતા સંબંધો વચ્ચે અમેરિકામાં જ વ્હાઈટ હાઉસના વડા પર હુમલા શરૂ થઈ ગયા છે. વોશિંગ્ટનના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને ભારત વિરુદ્ધ આક્રમક ટેરિફ નીતિ અપનાવવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્રની ટીકા કરી છે. તેમના મતે, અમેરિકન પ્રમુખ તેમની આ નીતિઓને કારણે જાણીજોઈને ભારતને ચીન તરફ ધકેલી રહ્યા છે, જે અમેરિકાના હિતોની વિરુદ્ધ છે.ટ્રમ્પની નીતિઓ ભારતને ચીન સાથે સંબંધો સુધારવા મજબૂર કરી રહી છે.બાઈડનના સુરક્ષા સલાહકાર સુલિવાને વિશ્વના દેશોમાં અમેરિકા પ્રત્યે વધી રહેલા અવિશ્વાસના મુદ્દે કહ્યું કે, 'આજે વિશ્વના દેશો અમેરિકાને એક અવિશ્વસનીય અને અસ્થિર દેશ તરીકે જુએ છે. જ્યારે તેઓ વિદેશી નેતાઓને મળે છે, ત્યારે તેઓ અમેરિકાથી જોખમ ઘટાડવાની વાત કરે છે. આજે પરિસ્થિતિ એવી છે કે ચીન વૈશ્વિક સ્તરે વધુ લોકપ્રિય અને સ્થિર નીતિઓ ધરાવતો દેશ બની ગયો છે, જ્યારે અમેરિકાની પ્રતિષ્ઠા ઘટી રહી છે, આપણી અમેરિકન બ્રાન્ડ શૌચાલયમાં જોવા મળે છે.'એક પોડકાસ્ટમાં, જેકે ભારતના ઉદાહરણ સાથે તેમની વાત પર ભાર મૂક્યો અને કહ્યું કે, 'અમેરિકા અને ભારતના ઊંડા અને વધુ ટકાઉ સંબંધો બનાવવા માટે છેલ્લા ઘણા વર્ષોથી કામ કરવામાં આવી રહ્યું હતું. જોકે, હવે ટ્રમ્પે નવી દિલ્હી પર ભારે ટેરિફ લાદી દીધા છે, જેના કારણે ભારતને ચીન સાથે બેસવાની ફરજ પડી છે.'પૂર્વ સલાહકાર સુલિવાને કહ્યું કે, 'અમે વર્ષોથી ભારત સાથે મજબૂત સંબંધો બનાવવા પર કામ કરી રહ્યા હતા. પરંતુ, ટ્રમ્પની ભારત વિરોધી નીતિઓને કારણે, ભારતને ચીન સાથેના સંબંધો સુધારવાની ફરજ પડી છે, જે ભારત કરી રહ્યું છે.'

ભૂતપૂર્વ અમેરિકન અધિકારીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વિશ્વના બે સૌથી મોટા લોકતાંત્રિક દેશોના સંબંધો સૌથી નીચા સ્તરે પ હોંચી ગયા છે. અમેરિકાએ ભારત પર ૨૫%નો વેપાર ટેરિફ અને રશિયન તેલ ખરીદવા માટે ૨૫%નો વધારાનો ટેરિફ લાદ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ભારતને સતત નિશાન બનાવવામાં આવી રહ્યું છે. ભારતે તેનો સખત વિરોધ કર્યો છે અને પોતાના ખેડૂતોના હિતો અને સાર્વભૌમત્વને બચાવવા માટે કોઈપણ હદ સુધી જવાની વાત કરી છે.

## 'પતિ, પત્ની ઔર વોહ ટુ'નાં પ્રયાગરાજમાં ચાલી રહેલાં શૂટિંગ વખતે મારામારી



। મુંબઇ, તા.૩૦ ।

આયુષમાન ખુરાના તથા સારા અલી ખાનની ફિલ્મ 'પતિ, પત્ની ઔર વોહ ટુ'નાં પ્રયાગરાજમાં ચાલી રહેલાં શૂટિંગ વખતે મારામારી થઈ હોવાના કેટલાક વિડીયો વાયરલ થયા છે. મારામારી કયા મુદ્દે થઈ તે જાણવા મળ્યું નથી. શૂટિંગ દરમિયાન કોઈ બાબતે સ્થાનિક લોકો ઉશ્કેરાયા હતા અને તેમણે ફિલ્મની ટીમ પર હાથ ઉપાડયો હતો એમ કહેવાય છે. એક વિડીયો અનુસાર ફિલ્મના કેટલાક ક્રુ મેમ્બર્સ સાથે સ્થાનિક લોકો જીભાજોડી કરી રહ્યા છે અને બાદમાં તેઓ ક્રૂ મેમ્બર્સને ફટકારતા હોય તેવું જોવા મળે છે. એક કાર સીકવન્સનાં શૂટિંગ વખતે આ મારામારી થઈ હતી. એક દાવા અનુસાર ફિલ્મના દિગ્દર્શકને પણ માર મારવામાં આવ્યો હતો. બીજી તરફ કેટલાક સ્થાનિક નાગરિકો વચ્ચે પણ પડયા હતા અને તેમણે તોફાનીઓને અટકાવવા પ્રયાસ કર્યો હતો. જોકે, આ તમામ દાવાઓ અંગે ફિલ્મની ટીમ દ્વારા સત્તાવાર રીતે કશું જ જણાવાયું નથી. આ ફિલ્મમાં આયુષમાન ખુરાના ઉપરાંત સારા અલી ખાન તથા વામિકા ગબ્બીની પણ ભૂમિકા છે. કાર સીકવન્સનાં ફિલ્માંકન વખતે સ્થાનિક લોકોએ ઉશ્કેરાઈ ક્રૂ મેમ્બર્સને ફટકાર્યા. આયુષમાન ખુરાના તથા સારા અલી ખાનની ફિલ્મ 'પતિ, પત્ની ઔર વોહ ટુ'નાં પ્રયાગરાજમાં ચાલી રહેલાં શૂટિંગ વખતે મારામારી થઈ હોવાના કેટલાક વિડીયો વાયરલ થયા છે.

## ક્રિતી સેનનનું રાંઝણ ગીત ધૂન ચોરીને બનાવાયું હોવાનો આક્ષેપ

। મુંબઈ, તા.૩૦ ।

ક્રિતી સેનનની ફિલ્મ 'દો પત્તી'નું ગીત 'રાંઝણ' ઓરિજિનલ નથી પરંતુ તેની ધૂન ઉઠાવવામાં આવી હોવાનો આરોપ થયો છે. એક આંતરરાષ્ટ્રીય મ્યુઝિક પ્રોડયૂસર કેએમકેઝેડ દ્વારા દાવો કરાયો છે કે આ ગીત ઓરિજિનલી તેમનું છે. ફિલ્મમાં આ ગીત માટે સંગીતકાર તરીકે સચેત-પરંપરાને ક્રેડિટ અપાઈ છે.તેમણે એક વિડીયો શેર કરીને દાવો કર્યો હતો કે તેમનાં એક ગીતની ધૂનની બેઠી ઉઠાંતરી કરાઈ છે. તેમને કોઈ પ્રકારે ક્રેડિટ પણ અપાઈ નથી. તેમણે આ વિડીયોમાં કહ્યું હતું કે અમે ભારતનું એક બહુ જ હિટ ગીત પ્રોડયૂસ કર્યું છે પ રંતુ અમને તેના વિશે ખબર પણ નથી. હું એક મ્યુઝિક પ્રોડયૂસર છું. મારી ધૂન ઓનલાઈન વેચું છું. આ ધૂન અમે આશરે બે વર્ષ પહેલાં પોસ્ટ કરી હતી. થોડા સમય પહેલાં કોઈએ મારું આ ગીત વિશે ધ્યાન દોર્યું હતું. ત્યારે ખબર પડી હતી કે અમારાં ગીતની ચોરી કરી તેને ફિલ્મમાં વાપરવામાં આવ્યું છે. હવે આ ગીતને વિવિધ મ્યુઝિક તથા વિડીયો પ્લેટફોર્મ પર કરોડા હિટ્સ મળે છે. આ સંજોગોમાં અમને યોગ્ય ક્રેડિટ મળવી જોઈએ તેમ આ પ્રોડયૂસરે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ગીતને યુ ટયૂબ પર ૩૩ કરોડ વ્યૂ મળ્યા છે. ક્રિતી સેનનની ફિલ્મ 'દો પત્તી'નું ગીત 'રાંઝણ' ઓરિજિનલ નથી પરંતુ તેની ધૂન ઉઠાવવામાં આવી હોવાનો આરોપ થયો છે.

## 'બીઆરઆઇસીએસઅને વૈશ્વિક વિકાસમાં વેપારના પ્રતિબંધો મોટો અવરોધ...' પુતિનનું મોટું નિવેદન

। બેઈજીંગ, તા.૩૦ ।

ચાઈના પ્રવાસે રવાના થતા પહેલા પુતિને એક ઈન્ટરવ્યૂ આપ્યું, જેમાં તેમણે કહ્યું કે રશિયા અને ચીન ભેદભાવપૂર્ણ વૈશ્વિક વેપાર પ્રતિબંધોનો સખત વિરોધ કરે છે. તેમણે ચીન સાથેના સહયોગને મજબૂત બનાવવા, આર્થિક સંબંધો સુધારવા અને દ્વિતીય વિશ્વયુદ્ધના ઈતિહાસની સુરક્ષા કરવા પર ભાર મૂક્યો. પુતિને શી જિનપિંગના નેતૃત્વની પણ પ્રશંસા કરી અને પશ્ચિમી દેશો દ્વારા ઈતિહાસને તોડી-મરોડીને રજૂ કરવાના પ્રયાસોની નિંદા કરી. તેમજ પ ુતિન ચીનના તિયાનજિનમાં યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસઓસી) શિખર સંમેલન અને બેઈજિંગમાં ચીનના વિજય દિવસ સમારોહમાં ભાગ લેશે.પુતિને જણાવ્યું કે, 'રશિયા અને ચીન ભેદભાવપૂર્ણ વૈશ્વિક વેપાર પ્રતિબંધોનો સખત વિરોધ કરે છે, જે વિશ્વની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડે છે. તેમણે શી જિનપિં ગની પ્રશંસા કરતાં કહ્યું કે તેઓ દ્રઢ ઈચ્છાશક્તિ, વ્યૂહાત્મક દૃષ્ટિ અને રાષ્ટ્રીય હિતો પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા ધરાવતા એક સાચા નેતા છે, જે આ પડકારજનક સમયમાં ચીનના નેતૃત્વ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.'પુતિને વધુમાં જણાવ્યું કે, બીઆરઆઈસીએસમાળખા હેઠળ રશિયા અને ચીન સતત સાથે મળીને કામ કરી રહ્યા છે અને એવા પ્રસ્તાવોને આગળ ધપાવી રહ્યા છે, જેનાથી સભ્ય દેશો માટે આર્થિક તકો વધે. બંને દેશો વચ્ચેના ગાઢ સહયોગથી જી૨૦અને એપીઈસીજેવા મોટા આર્થિક મંચોના કામકાજમાં સકારાત્મક ફેરફારો આવ્યા છે.'રશિયાના રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે, એસઓસીસમિટ પછી સંગઠનને વધુ વેગ મળશે. તેનાથી વર્તમાન વૈશ્વિક પડકારો અને જોખમોનો વધુ સારી રીતે સામનો કરવાની ક્ષમતા વિકસિત થશે.

**ફોરેક્સ રિઝર્વમાં ૪.૩૮ અબજ ડોલરનો ઘટાડો**

**પાઉન્ડ રૂ.૧૧૯ ઉપર ગયો : યુરોએ રૂ.૧૦૩ની સપાટી કુદાવી : ડોલર ઈન્ડેક્સ વધી ૯૮ પાર કરી ગયો**

## ડોલર સામે રૂપિયો ગબડી ૮૮.૩૨ના ''ઐતિહાસિક''તળિયે : મોંઘવારી વધશે

। મુંબઈ, તા.૩૦ ।

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી ઉછળી રૂ.૮૮ની સપાટી કુદાવી જતાં નવો રેકોર્ડ સર્જાયો હતો. ડોલરના ભાવ રૂ.૮૭.૬૩ વાળા આજે સવારે રૂ.૮૭.૭૦ ખુલ્યા પછી ભાવ ઉછળી ઉંચામાં રૂ.૮૮ની સપાટી પાર કરી રૂ.૮૮.૩૨ સુધી પહોંચી છેલ્લે બંધ ભાવ રૂ.૮૮.૨૦ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ આજે વધુ ૫૭ પૈસા ઉછળ્યા હતા જ્યારે ડોલર સામે રૂપિયો વધુ ૦.૬૫ ટકા તૂટયો હતો. મુંબઈ શેરબજારમાં ઘટાડો તથા વૈશ્વિક ક્રૂડ તેલના ઉંચા ભાવના પગલે ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા પર દબાણ વધ્યું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.અમેરિકા દ્વારા ભારત સામે આકરી ટેરીફ નીતિ અનુસરવામાં આવતાં તેની અસર પણ કરન્સી બજાર પર પડી હતી. બજારના સૂત્રોના જણાવ્યા મુજબ આવી આકરી ટેરીફ નીતિ વચ્ચે ઊારતના નિકાસકારોને પીઠબળ આપવા કદાચ હવે રિઝર્વ બેન્ક રૂપિયાને વધુ તૂટવા દેશો તથા બજારમાં મધ્યસ્થી કરશે નહિં એવી શક્યતાના પગલે પણ રૂપિયો આજે ઝડપી ગબડયો હતો.મુંબઈ કરન્સી બજારમાં છેલ્લા સતત ૪ મહિનાથી ડોલર સામે રૂપિ યો તૂટતો જોવા મલ્યો છે. આ વર્ષે ૧૦મી ફેબ્રુઆરીએ ડોલરના ભાવ વધી ઉંચામાં રૂ.૮૭.૪૫ સુધી પ હોંચ્યા હતા જે એ વખતે રેકોર્ડ ગણાયો હરતો અને હવે આજે ડોલર ઉછળી રૂ.૮૮ની ઉપરસજતાં નવો ઈતિહાસ સર્જાયો હતો. દેશમાંથી ફોરેન ફંડનો આઉટફ્લો વધ્યાની ચર્ચા હતી. મહિનાના અંતિમ દિવસો વચ્ચે મુંબઈ કરન્સી બજારમાં ડોલરમાં ઈમ્પોર્ટરોની ખરીદી પણ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી. અમેરિકાની આકરી ટેરીફ નીતિના પગલે ભારતમાંથી નિકાસને અસર પડશે તથા વેપાર ખાધ વધશે એવી ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા દરમિયાન, રૂપિયો તૂટતાં તથા ડોલરના ભાવ ઉછળતાં ઘરઆંગણે આયાત કરાતી વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં હવે દેશમાં તહેવારો ટાંણે મોંઘવારી વધુ વધી જવાની ભીતિ જાણકારો બતાવી રહ્યા હતા.દરમિયાન વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કસરન્સીઓ સામે આજે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૧૪ ટકા ઉંચકાયો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૯૭.૮૩ તથા ઉંચામાં ૯૮.૦૪ થઈ ૯૭૫ રહ્યાના સમાચાર હતા. આના પગલે પણ મુબઈ કરન્સી બજારમાં ડોલર વધુ ઉંચો ગયો હતો. દરમિયાન, મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૪૧ પૈસા વધ્યા હતા.




**૧૩ કરાર સાથે દાયકાનો રોડમેપ તૈયાર**

**અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાથે દેશભરમાં ૭,૦૦૦ કિ.મી.નું હાઈ-સ્પીડ રેલવે નેટવર્ક તૈયાર કરવાનું લક્ષ્ય : મોદી**

# જાપાન ૧૦ વર્ષમાં ભારતમાં ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે

। ટોકિયો, તા.૩૦ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેરિફ વિવાદ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એશિયાના બે મોટા અર્થતંત્રો જાપાન અને ચીનના પ્રવાસના ભાગરૂપે શુક્રવારે ટોકિઓ પહોંચ્યા હતા. પીએમ મોદીએ જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા સાથે ૧૫મા શિખર મંત્રણા કરી હતી. આ બેઠકમાં બંને દેશોએ તેમના અર્થતંત્રોને પ્રોત્સાહન આપવા માટે આગામી ૧૦ વર્ષ માટેનો રોડમેપ તૈયાર કર્યો છે. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય કરારના ભાગરૂપે સંરક્ષણ સહિત ૧૩ સમજૂતી કરાર કર્યા હતા. આ કરારના ભાગરૂપે જાપાન આગામી દાયકામાં ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન (અંદાજે રૂ. ૬ લાખ કરોડ)નું રોકાણ કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાત વર્ષ પછી શુક્રવારે જાપાનના પ્રવાસે ટોકિયો પહોંચ્યા હતા. પીએમ મોદી અને જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા વચ્ચે શુક્રવારે ૧૫મી શિખર મંત્રણા થઈ હતી.



આ બેઠકનો આશય ભારત અને જાપાન વચ્ચે વેપાર, રોકાણ અને ઊભરતી ટેક્નોલોજીના ક્ષેત્રો સહિત દ્વિપ ક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાનો હતો. આ શિખર સંમેલનમાં બંને દેશો વચ્ચે ૧૩ સમજૂતીઓ પર હસ્તાક્ષર થયા હતા, જેમાં આર્થિક સુરક્ષા, સ્વચ્છ ઊર્જા, ટેલિકોમ, દવાઓ, મહત્વના ખનીજો અને નવી તથા ઊભરતી ટેક્નોલોજી સહિત કેટલીક પરિવર્તનકારી પહેલોનો સમાવેશ કરાયો છે. વડાપ્રધાન મોદી અને પીએમ ઈશિબાએ આ સમજૂતીઓનું આદાન-પ્રદાન કર્યું હતું. શિખર મંત્રણા પછી સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મદીએ જણાવ્યું કે, આજે અમારી ચર્ચાઓ ઉપયોગી અને ઉદ્દેશ્યપૂર્ણ રહી. દુનિયાના બે સૌથી મોટા અર્થતંત્રો અને જીવંત લોકતંત્રો તરીકે આપણી ભાગીદારી માત્ર બંને દેશો માટે જ નહીં પ રંતુ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે જરૂરી છે. મજબૂત લોકતંત્ર સારી દુનિયાના નિર્માણમાં સ્વાભાવિક ભાગીદાર હોય છે. આજે અમે પોતાની વિશેષ રણનીતિક અને વૈશ્વિક ભાગીદારીમાં નવા અધ્યાયનો પાયો નાંખ્યો છે. અમે આગામી દાયકાનો રોડમેપ તૈયાર કર્યો છે. અમારા વિઝનમાં રોકાણ, ઈનોવેશન, આર્થિક સુરક્ષા, પર્યાવરણ, ટેક્નોલોજી, સ્વાસ્થ્ય, ગતિશિલતા અને લોકો વચ્ચે પારસ્પરિક આદાન-પ્રદાનનો સમાવેશ થાય છે.પીએમ મોદીએ કહ્યું કે, અમે આગામી ૧૦ વર્ષમાં જાપાનથી ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન (અંદાજે રૂ. ૬ લાખ કરોડ)ના રોકાણનું લક્ષ્ય રાખ્યું છે. ભારત અને જાપાનના લઘુ, મધ્યમ ઉદ્યોગો અને સ્ટાર્ટ-અપ્સને જોડવા પર વિશેષ ભાર અપાશે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ પર બનેલા સરદાર સરોવર ડેમામાં મધ્ય પ્રદેશથી સતત પાણીની આવક થઇ રહી છે

# સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાયો । હવે ઓવરફ્લો થવાથી માત્ર ૧.૯૨ મીટર જ દૂર

**ડેમમાં હાલ ૧,૬૭,૧૧૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે । જ્યારે કેનાલમાં પાણીની જાવક ૨૩૫૦૧.૦૦ ક્યુસેક નોંધાઈ**

। પ્રતિનિધિ, નર્મદા, તા.૩૦ ।

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે સરદાર સરોવર ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાઈ ગયો છે અને હવે ઓવરફ્લો થવાથી માત્ર ૧.૯૨ મીટર જ દૂર છે. ડેમની વર્તમાન સપાટી ૧૩૬.૭૬ મીટર પર પહોંચી છે.વહેલી સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૬૬ તાલુકામાં મેઘમહેર જોવા મળી છે. જેમાં સૌથી પંચમહાલના હાલોલમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૨૯ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ તાપી જિલ્લાના ડોલવણમાં ૬.૩૪ ઈંચ નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ડેમની સપાટીમાં ૨૪ સે.મી.નો વધારો થયો છે. ડેમમાં હાલ ૧,૬૭,૧૧૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે કેનાલમાં પાણીની જાવક ૨૩૫૦૧.૦૦ ક્યુસેક નોંધાઈ છે. ડેમનું ગ્રોસ સ્ટોરેજ ૮૮૫૦.૪૦ એમસીએમ છે.

ડેમની સપાટી વધતા, તંત્ર દ્વારા ૧૫ દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી ૨.૯૫ લાખ ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવશે. આ ઉપરાંત, RBPH અને CHPHમાંથી કેનાલમાં કુલ ૨,૨૪,૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે.

નદીમાં પાણી છોડવામાં આવતા, નર્મદા નદી કાંઠાના ગ્રામજનોને એલર્ટ રહેવા માટે તંત્રએ સૂચના આપી છે. ભરૂચના ગોલ્ડન બ્રિજ નજીક નર્મદા નદીની જળસપાટી વોર્નિંગ લેવલે પહોંચે તેવી શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે સરદાર સરોવર ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાઈ ગયો છે.

### સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાઈ ગયો છે



સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાઈ ગયો છે અને હવે ઓવરફલો થવાથી માત્ર ૧.૯૨ મીટર જ દૂર છે. ડેમની વર્તમાન સપાટી ૧૩૬.૭૬ મીટર પર પહોંચી છે.આજે વહેલી સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૬૬ તાલુકામાં મેઘમહેર જોવા મળી છે. જેમાં સૌથી પંચમહાલના હાલોલમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૨૯ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ તાપી જિલ્લાના ડોલવણમાં ૬.૩૪ ઈંચ નોંધાયો છે.

પરંતુ ૪૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગ બાળકો અને તેના પરિવાર હજુ પણ આ યોજનાથી વંચિત

# રાજ્યના મુખ્યમંત્રીને વિનુ મોરડીયાનો પત્ર, દિવ્યાંગ માટે રાશન, સરકારને અપીલ કરી

**ધારાસભ્ય મોરડિયાએ સીધા મુખ્યમંત્રીને પત્ર લખીને બાબતે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરી । રાજ્ય સરકાર અનેક સામાજિક યોજનાઓ દ્વારા દિવ્યાંગોની સહાય માટે કાર્યરત**

। પ્રતિનિધિ, સુરત, તા.૩૦ ।

સુરતના ધારાસભ્ય વિનુ મોરડિયાએ રાજ્યના મુખ્યમંત્રીને એક મહત્વપૂર્ણ પત્ર લખી માનસિક દિવ્યાંગ બાળકો અને તેના પરિવારને રાશન ફાળવવા માંગ કરી છે. તેણે કહ્યું કે ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ હાલ ઘણા જરૂરિયાતમંદ પરિવારોને અનાજની સહાય આપવામાં આવે છે, પરંતુ ૪૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગ બાળકો અને તેના પરિવાર હજુ પણ આ યોજનાથી વંચિત છે.વિનુ મોરડિયાએ પોતાના પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ દેશભરના કરોડો પરિવારોને મળી રહ્યો છે. ત્યારે માનસિક દિવ્યાંગ બાળકોને પણ આ યોજનાનો સીધો લાભ મળવો જોઈએ. ખાસ કરીને એવા પરિવારોને, જ્યાં પેરેન્ટ્સ પોતાના બાળકોની સતત માવજત કરે છે, તેને અનાજ સહાય મેળવવી અત્યંત આવશ્યક છે.આ મુદ્દાને લઈને માવજત પેરેન્ટ્સ એસોસિયેશન દ્વારા પણ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ સમસ્યાનું નિરાકરણ હજુ સુધી આવ્યું નથી. તેથી ધારાસભ્ય મોરડિયાએ સીધા મુખ્યમંત્રીને પત્ર લખીને આ બાબતે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરી છે.તેણે જણાવ્યું છે કે રાજ્ય સરકાર અનેક સામાજિક યોજનાઓ દ્વારા દિવ્યાંગોની સહાય માટે કાર્યરત છે, પરંતુ રાશન અને ખાદ્ય સુરક્ષા જેવી મૂળભૂત જરૂરિયાતમાં માનસિક દિવ્યાંગ પરિવારોને અવગણવા યોગ્ય નથી. આ પરિવારોને રાશનના લાભથી તેની આર્થિક મુશ્કેલીઓમાં રાહત મળશે.રાજ્ય સરકાર તરફથી આ પત્રને લઈને હજી સુધી કોઈ સત્તાવાર પ્રતિસાદ આવ્યો નથી, પરંતુ સમાજના વિવિધ વર્ગોમાંથી વિનુ મોરડીયાની આ રજૂઆતને સમર્થન મળતું જોવા મળી રહ્યું છે. સુરતના ધારાસભ્ય વિનુ મોરડિયાએ રાજ્યના મુખ્યમંત્રીને એક મહત્વપૂર્ણ પત્ર લખી માનસિક દિવ્યાંગ બાળકો અને તેના પરિવારને રાશન ફાળવવા માંગ કરી છે.

સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓની મિલકતની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી

# વડોદરામાં ગંભીરા બ્રિજ તપાસમાં મહત્વપૂર્ણ નિર્ણય તપાસ માટે એસીબીએ એસઆઇટીની રચના કરી

**માર્ગ અને મકાન વિભાગના ૪ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓ અને ૧ નિવૃત્ત અધિકારીની મિલકતની પણ તપાસ કરવામાં આવશે. સરકારે એસીબીને તપાસ કરવાની મંજૂરી આપીને એક ખાસ તપાસ ટીમની રચના કરી**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરામાં ગંભીરા બ્રિજ અકસ્માતમાં બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓની મિલકતની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગના ૪ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓ અને ૧ નિવૃત્ત અધિકારીની મિલકતની પણ તપાસ કરવામાં આવશે. સરકારે એસીબીને તપાસ કરવાની મંજૂરી આપીને એક ખાસ તપાસ ટીમની રચના કરી છે.એસઆઈટી ટીમમાં મકરંદ ચૌહાણ સહિત ૬ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.ગંભીરા બ્રિજ અકસ્માતમાં ૨૧ લોકોના મોત બાદ અધિકારીઓની તપાસ શરૂ થઈ ગઈ છે.એસીબી સમક્ષ અધિકારીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે. સહાયક ઈજનેર જે.વી. શાહ એસીબી સમક્ષ હાજર થયા હતા. ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર્સ યુ.સી. પટેલ અને આર.ટી. પટેલના નિવેદનો નોંધવામાં આવ્યા છે. અધિકારીઓની મિલકત અને આવક-ખર્ચની વિગતો મેળવવામાં આવશે. મિલકતની તપાસ અને નિવેદનો નોંધવાનું કામ શરૂ થઈ ગયું છે. એક્ઝિક્યુટિવ એન્જિનિયર એન. એમ. નાયકવાલાની પૂછપરછ માટે સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.ગંભીરા પુલ દુર્ઘટનામાં લટકેલા ટેક્રર અંગે માહિતી આપતાં આણંદ જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે પોરબંદરની મરીન ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ટેક્રરને નીચે ઉતારવાનું કામ કરશે. ટેક્રરને નીચે ઉતારવા માટે ભારે મશીનરીનો ઉપયોગ કરવો ખતરનાક બની શકે છે. પોરબંદરની વિશ્વકર્મા કંપની ટેક્રરને નીચે ઉતારવામાં મદદ કરશે. ટેક્રરને નીચે ઉતારવાના મિશન માટે સિંગાપોરથી ૩ એન્જિનિયરોને બોલાવવામાં આવ્યા છે. ટેક્રરને નીચે ઉતારવાની પ્રક્રિયા રિગિંગ અને બલૂન ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવશે. ટેક્રરને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં ૬ થી ૭ દિવસનો સમય લાગી શકે છે. સુરક્ષા કારણોસર મીડિયા સહિત અન્ય તમામ લોકોને પુલથી દૂર રહેવા કલેક્ટરે સૂચના આપી છે.

જામનગર શહેર મહાનગરપાલિકા દ્વારા

# ગણેશ વિસર્જન માટે બનાવાયેલા બન્ને વિસર્જનકુંડમાં ૩ દિવસમાં ૨૯૭ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરાયું

**પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગર મહાનગરપાલિકા દ્વારા બે કૃત્રિમ વિસર્જન કુંડની વ્યવસ્થા કરવામાં આવેલ છે**

। પ્રતિનિધિ, જામનગર, તા.૩૦ ।

જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણપતિ વિસર્જન માટે શહેરના અલગ અલગ વિસ્તારમાં બે વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ગઈકાલ સુધીમાં કુલ ૨૯૭ ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું છે.

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગણેશજીની સ્થાપના થઈ છે, ત્યારબાદ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવી રહ્યું છે. પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગર મહાનગરપાલિકા દ્વારા બે કૃત્રિમ વિસર્જન કુંડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ વિસર્જનકુંડ વિશાલ હોટલ પાસે બનાવાયો છે, તે સ્થળે ગઈકાલે ૧૭૨ સહિત ત્રણ દિવસમાં ૨૨૪ ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જ્યારે બીજો વિસર્જનકુંડ લાલપુર બાયપાસથી રણજીતસાગર જતાં સરદાર રીવેરા સોસાયટી પાસે બનાવાયો છે, જ્યાં ગઈકાલે ત્રીજા દિવસે ૫૨ ગણપતિની મૂર્તિનું વિસર્જન કરાયું હતું. આમ કુલ બે દિવસ દરમિયાન ૭૩ સહિત બંને વિસર્જનકૂંડના કુલ ૨૯૭ ગણપતિની મૂર્તિનું વિસર્જન કરી લેવાયું છે. જે બંને સ્થળે જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ તથા અલગ અલગ વિભાગની ટુકડી તહેનાત રાખવામાં આવી છે.પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગર મહાનગરપાલિકા દ્વારા બે કૃત્રિમ વિસર્જન કુંડની વ્યવસ્થા કરવામાં આવેલ છે.૧૭૨ સહિત ત્રણ દિવસમાં ૨૨૪ ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.



આજવા સરોવરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૭ મીમી વરસાદ નોંધાયો

# વડોદરાના ઉપરવાસમાં વરસાદ થતાં આજવા સરોવરની સપાટી વધીને ૨૧૧.૪૬ ફુટ થઈ

**વડોદરા શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ઐતિહાસિક આજવા સરોવરના ઉપરવાસમાં ભારે વરસાદ થવાના કારણે સરોવરની સપાટીમાં વધારો શરૂ થયો**



। પ્રતિનિધિ, વડોદરા, તા,૩૦ ।

વડોદરા શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ઐતિહાસિક આજવા સરોવરના ઉપરવાસમાં ભારે વરસાદ થવાના કારણે સરોવરની સપાટીમાં વધારો શરૂ થયો છે. બપોરે આજવા સરોવરની સપાટી ૨૧૧.૪૬ ફૂટ હતી.આજવા સરોવરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૭ મીમી વરસાદ નોંધાયો છે. મોસમનો કુલ વરસાદ ૯૬૬ મીમી થયો છે. જ્યારે ધનસરવાવમાં ૪૯ મીમી વરસાદ થયો છે. મોસમનો કુલ વરસાદ ૧૧૮૮ મીમી નોંધાયો છે. આજવામાં પાણી ઠાલવતી આસોજ ફીડર ૦.૫૬ મીટરએ ચાલુ છે, એટલે હજી આજવામાં સપાટી વધશે. આજવા સરોવરની સપાટી ૩૧ ઓગસ્ટ સુધી ૨૧૨ ફૂટ સુધી જાળવી શકાશે. ૧ સપ્ટેમ્બર પછી સપાટી ૨૧૨.૫૦ ફૂટ સુધી રાખવામાં આવશે. આમ તો આજવામાં ૨૧૪ ફૂટ સુધી પાણી ભરી શકાય છે. હાલોલમાં પણ બે કલાકમાં આઠ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. હાલોલનું પાણી પ્રતાપપુરા સરોવરમાં ડાયવર્ટ થઈને વિશ્વામિત્રી નદીમાં જાય છે. પ્રતાપપુરા સરોવરમાં બપોરે લેવલ ૨૨૬.૮૦ ફૂટ હતું. પ્રતાપપુરામાંથી પાણીની આવક ચાલુ હોવાથી નદીની સપાટી હજી વધારે નોંધાશે. બપોરે નદીની સપાટી ૮.૩૦ મીટર થઈ હતી. આજવા સરોવરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૭ મીમી વરસાદ નોંધાયો છે. મોસમનો કુલ વરસાદ ૯૬૬ મીમી થયો છે. જ્યારે ધનસરવાવમાં ૪૯ મીમી વરસાદ થયો છે. મોસમનો કુલ વરસાદ ૧૧૮૮ મીમી નોંધાયો છે. આજવામાં પાણી ઠાલવતી આસોજ ફીડર ૦.૫૬ મીટરએ ચાલુ છે, એટલે હજી આજવામાં સપાટી વધશે. આજવા સરોવરની સપાટી ૩૧ ઓગસ્ટ સુધી ૨૧૨ ફૂટ સુધી જાળવી શકાશે. ૧ સપ્ટેમ્બર પછી સપાટી ૨૧૨.૫૦ ફૂટ સુધી રાખવામાં આવશે. આમ તો આજવામાં ૨૧૪ ફૂટ સુધી પાણી ભરી શકાય છે. હાલોલમાં પણ બે કલાકમાં આઠ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. હાલોલનું પાણી પ્રતાપપુરા સરોવરમાં ડાયવર્ટ થઈને વિશ્વામિત્રી નદીમાં જાય છે. પ્રતાપપુરા સરોવરમાં બપોરે લેવલ ૨૨૬.૮૦ ફૂટ હતું. પ્રતાપપુરામાંથી પાણીની આવક ચાલુ હોવાથી નદીની સપાટી હજી વધારે નોંધાશે.

# વિજયનગરમાં વરસાદ : નદીના પાણી સ્કૂલમાં ફરી વળતાં ૨૫ વિદ્યાર્થી ફસાયાં । સ્થાનિકોએ કર્યુ રેસ્ક્યુ

। પ્રતિનિધિ, વિજયનગર, તા.૩૦ ।

ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થઈ રહ્યો છે, ત્યારે (૩૦ ઓગસ્ટ) ઉત્તર ગુજરાતના જિલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેમાં ઉપરવાસ અને સાબરકાંઠામાં ભારે વરસાદને કારણે હરણાવ અને બૂસી વડલી નદી બે કાંઠે વહેલા લાગી છે, ત્યારે વિજયનગર તાલુકાના સરસવ ગામની સ્કૂલમાં નદીના પાણી ફરી વળતાં વિદ્યાર્થીઓ ફસાયા હતા. સમગ્ર મામલે સ્થાનિકોએ ઘટનાસ્થળે પહોંચીને પાણીમાં ફસાયેલા ૨૫ જેટલાં વિદ્યાર્થીનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.મળતી માહિતી મુજબ, ઉપરવાસ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે સાબરકાંઠાના વિજયનગરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે હરણાવ નદીમાં પૂર જેવી સ્થિતિથી નદીના પાણી સરસવ ગામમાં પ્રવેશ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં પાણીના પ્રવાહમાં વીજપોલ, શાળા અને આરોગ્ય વિભાગની દીવાલ ધોવાઈ હોવાનું જણાય છે. ધોધમાર વરસાદ અને નદીના પાણી લોકોના ઘરમાં ઘૂસી આવતાં જનજીવન ખોરવાયું હતું.



# સાવલી વડોદરા રોડ પર કપચી ભરેલું ડમ્પર ગટરમાં ખાબક્યું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

સાવલી વડોદરા રોડ પર કપચી ભરેલું ડમ્પર ગટરમાં ખાબક્યું, ત્રણ દબાયા સાવલી વડોદરા રોડ પર બહુથા અને ગોઠડા ગામ નજીક કપચી ભરેલ ડમ્પરે ગટરમાં પલટી ખાતા ત્રણ વ્યક્તિ દબાતા નાસભાગ મચી ગઈ હતી. તંત્ર અને રાહદારીઓ દ્વારા બેને બહાર કાઢવામાં આવ્યા હતા. હજુ એક ઈસમ ડમ્પરમાં ફસાયેલો છે. તંત્ર દ્વારા બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. બનાવના પગલે સાવલી વડોદરા રોડ પર ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળ્યા હતા.

અંદાજે ૭૫૦૦ ગ્રાહકોને નોટિસ બજાવવામાં આવશે

# વડોદરામાં ગેસ બિલના રૂ.૨૦ કરોડની બાકી વસુલાત માટે તા.૧૩ સપ્ટેમ્બરના રોજ વીજીએલ દ્વારા મેગા લોક અદાલત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરા ગેસ કંપનીના ગેસ બિલના અંદાજે રૂપિયા ૨૦ કરોડથી વધુની બાકી રકમની વસુલાત માટે વીજીએલ (વડોદરા ગેસ લિમિટેડ) દ્વારા આગામી તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને નાણાં ન ભરનાર અંદાજે ૭૫૦૦ ગ્રાહકોને નોટિસ બજાવવામાં આવશે. વડોદરા ગેસ લિમિટેડ શહેરમાં રહેણાંક અને બિનરહેણાંક બંને ગ્રાહકો માટે ગેસ પુરવઠો ઉપલબ્ધ કરાવતું આવ્યું છે.



સમયાંતરે એના ગ્રાહકો પણ વધી રહ્યા છે, તો બીજી તરફ બાકી નાણાંની વધતી જતી વસુલાતની રકમને ધ્યાનમાં લઈને વીજીએલ દ્વારા હવે આકરું વલણ અપનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને વડોદરા કોર્ટમાં આગામી તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ વીજીએલ ગ્રાહકોના ગેસના બાકી નાણા મામલે મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. લોક અદાલતના માધ્યમ દ્વારા કોર્ટ તરફથી વકીલ રોકવામાં આવશે અને આ સાથે વીજીએલની ટીમ પણ ઉપસ્થિત રહેશે. બાકી નાણાં મામલે શક્ય તેટલા સમાધાન થાય તેવા પ્રયાસના ભાગરૂપે પૈસા ન ભરનાર ૭૫૦૦ જેટલા ગ્રાહકોને નોટિસ ફટકારશે.

બાઇક ચાલક ફરાર

# મોપેડ સવાર મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટી આંચકીને બાઈક સવાર ફરાર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

વડોદરામાં મકરપુરા કટારીયા શોરૂમની લાઈનમાં એપાર્ટમેન્ટમાં રહેતા મોનિકાબેન વીરપ્રતાપસિંહ ગઈકાલે તેમની દીકરીને મોપેડ પર બેસાડી લાલબાગ બ્રિજ નીચે આકાશ કોચિંગ ક્લાસમાં મૂકવા ગયા હતા અને ત્યાંથી તેઓ પરત ઘરે જતા હતા. તે દરમિયાન પાછળથી એક બાઈક ચાલક આવ્યો હતો અને તેમના કાનમાંથી સોનાની રીંગવાળી બુટ્ટી ખેંચીને માણેજા તરફ ભાગી ગયો હતો. જે અંગે તેમણે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધ ખોળ હાથ ધરી છે. વડોદરામાં મકરપુરા કટારીયા શોરૂમની લાઈનમાં એપાર્ટમેન્ટમાં રહેતા મોનિકાબેન વીરપ્રતાપસિંહ ગઈકાલે તેમની દીકરીને મોપેડ પર બેસાડી લાલબાગ બ્રિજ નીચે આકાશ કોચિંગ ક્લાસમાં મૂકવા ગયા હતા અને ત્યાંથી તેઓ પરત ઘરે જતા હતા

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya